| GJPM070000502024 | | ફરીયાદ આવ્યા તારીખ | : | ૨૪–૦૧–૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|---|
| | | ફરીયાદ રજુ થયા તારીખ | : | ૨૪–૦૧–૨૦૨૪ | | |
| | | ફરીયાદ નિકાલ થયા તારીખ | : | ૦૧–૦૫–૨૦૨૬ | | |
| | | સમય ગાળો. | | વર્ષ. | માસ | દિવસ |
| | सत्यमेव जयते | | | ૦૨ | ૦૩ | ૦૮ |

## જાંબુઘોડાના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં...

# ક્રિમીનલ કેસ નં.૨૮/૨૦૨૪

**આંક–પ૩**

| **ફરીયાદી.** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **આરોપી** |
|---|
| અનિલભાઈ બળવંતભાઈ બારીઆ,<br>ઉ.વ.૩૦, ધંધો: નોકરી.<br>રહે.ન્યુ પંચવટી સોસાયટી મકાન નં.૪,<br>આઈ.ટી.આઈ. પાછળ,વાવડી બુઝર્ગ,ગોધરા.<br>તા.ગોધરા,જી.પંચમહાલ. |

| **ગુનો:–** | **ઈ.પી.કો.કલમ – ૪૦૯ મુજબ** |
|---|---|

| **ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી** | **આર.એન.રાઠવા.** |
|---|---|
| **આરોપી તરફે વિ.વકીલશ્રી** | **કે.જી.રાઉલજી.** |

## –::: <u>ચુકા દો</u> :::–

**૦૧).** આ કામે ફરિયાદી પક્ષના કેસની ટૂંકી વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૫–૦૭–૨૦૨૩ ના કલાક : ૧૪–૪૦ થી ૧૬–૧૦ વાગ્યા દરમ્યાન તેના ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના પોતાના ખાતા નં .૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા તેમની જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ની ફરજ દરમ્યાન બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/– (ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારકની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/– ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ જાંબુઘોડા પોલીસ સ્ટેશને આપતા જાંબુઘોડા પોલીસે ગુ.ર.નં. ૧૧૨૦૭૦૩૧૨૩૦૩૫૩/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૪૦૯ અન્વયે ગુન્હો નોંધી,તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનુ આ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

**૦૨).** સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતા આરોપી તેમનાં વિ.વકિલશ્રી મારફતે હાજર થતા તેઓ ને સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ હોવાની ખાત્રી કરી બાદમાં **આંક–૦૨** થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી **આંક–૦૩** થી આરોપીનું નિવેદન નોંધવામાં આવતા આરોપીએ પોતાની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી ફરીયાદપક્ષનાં પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**૦૩).** ફરિયાદી પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ છે.

**–::: ફરિયાદપક્ષનાં મૌખિક પુરાવાઓ :::–**

| ક્રમ. | સાહેદોની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ દામીનીબેન હીરલભાઈ પંડયા(ફરીયાદી)ની જુબાની. | ૦૯ |
| ૨. | સાહેદ નિલેષભાઈ જયંતિલાલ શાહ ની જુબાની. | ૨૬ |
| ૩. | સાહેદ વિજયભાઈ રામાભાઈ વણકર ની જુબાની. | ૨૭ |
| ૪. | સાહેદ અલ્પેશભાઈ ભયલાલભાઈ વરીયા ની જુબાની. | ૩૦ |
| ૫. | સાહેદ ગોવિંદભાઈ માવસીંગભાઈ પટેલ ની જુબાની. | ૩૨ |
| ૬. | સાહેદ કિર્તિસિંહ નરેન્દ્રસિંહ રાણા (પંચ) ની જુબાની. | ૩૫ |
| ૭. | સાહેદ દીલીપભાઈ વિરસીંગભાઈ બારીઆ(પંચ) ની જુબાની. | ૩૭ |
| ૮. | સાહેદ રશેષભાઈ પ્રવિણચંદ્ર શાહ ની જુબાની. | ૩૯ |
| ૯. | સાહેદ પ્રહલાદસિંહ રણુભાઈ ચુડાસમા(તપાસ કરનાર અમલદાર)ની જુબાની. | ૪૨ |

**–::: ફરિયાદપક્ષનાં દસ્તાવેજી પુરાવાઓ :::–**

| ક્રમ. | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | ઉપલી કચેરીને જાણ કરતો પત્ર. | ૧૦ |
| ૦૨. | ફરીયાદ દાખલ કરવા નો અધિકાર પત્ર. | ૧૧ |
| ૦૩. | ફરીયાદ. | ૧૨ |
| ૦૪. | શકરીબેનનુ બેંક સ્ટેટમેન્ટ | ૧૩ |
| ૦૫. | આરોપી અનિલભાઈ ની બેંક પાસબુક | ૧૪ |
| ૦૬. | આરોપી અનિલભાઈનો નિમણુંક પત્ર. | ૧૫ |
| ૦૭. | આરોપીનો પ્રોબેશન ઓર્ડર | ૧૬ |
| ૦૮. | ડી.જી.એમ. સાહેબે હેડ ઓફીસમા જાણ કર્યાનો પત્ર. | ૧૭ |
| ૦૯. | આરોપીએ એક લાખ રુપીયા ભરવા અંગેનો ઠરાવ. | ૧૮ |
| ૧૦. | આરોપીને સસ્પેન્ડ કર્યાનો ઓર્ડર | ૧૯ |
| ૧૧. | મુવમેન્ટ રજીસ્ટરની નકલ. | ૨૦ |
| ૧૨. | આરોપીના ખાતાનુ સ્ટેટમેન્ટ. | ૨૩ |
| ૧૩. | શકરીબેન નો મરણ દાખલો. | ૩૩ |

| | | |
|---|---|---|
| ૧૪. | શકરીબેનની બેંક પાસબુક. | ૩૪ |
| ૧૫. | શકરીબેન ના આધાર કાર્ડની નકલ. | માર્ક–૩૨/૧ |
| ૧૬. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. | ૩૬ |
| ૧૭. | બેંકના લેટર પેડ ઉપર આપેલ માહીતી. | ૪૦ |
| ૧૮. | પી.ડી.સી.બેંક ગોધરાને તપાસ કરનાર અમલદારનાઓએ કરેલ યાદી. | ૪૩ |

૦૪). બાદ આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલા પુરાવાઓ અન્વયે આરોપીનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરીયાદ પક્ષનો પુરાવો પોતાની રુબરુ અને સાંભળતા લેવામા આવેલો હોવાની હકીકત સ્વીકારી સાહેદોના પુરાવાની મહત્વની હકીકતોનો ઈન્કાર કરી પોતે બચાવના સાહેદો તપાસવા માંગતા નહિ હોવાનુ તથા સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નહિ હોવાનુ જણાવી આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે''આ કામના ફરીયાદી દામીનીબેન સાથે આપસી મતભેદ ચાલતો હોવાથી આરોપીને ખોટી ફરીયાદમાં ફસાવેલ છે બેંકના મેનેજર તથા કેશીયર સિવાય કોઈ નાણા ટ્રાન્સફર કરી શકે નહી પાસવર્ડ તથા આઈ.ડી.તેઓ પાસે રહે છે.આરોપી તદૃન નિર્દોષ છે '' તેવી હકીકત વિશેષમાં જણાવેલ છે.

૦૫). બાદ આ કામે ફરીયાદપક્ષે વિ.મદદનીશ સરકારી વકિલશ્રી આર.એન.રાઠવા એ પોતાની દલીલમાં એવી રજુઆત કરેલી છે કે,આ કામે આરોપીએ તેની ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંક જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ફરજ દરમ્યાન પોતાના ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંક જાંબુઘોડાના ખાતા નં .૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/–(ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારક ની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી

તેઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/- ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ઉચાપત કરી ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી હાલનો ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોતા આરોપીએ આંક-૧૮ ના ઠરાવ મુજબ પોતાની ફરજ દરમ્યાન હાલના ગુન્હાની કરેલી ઉચાપતની રકમ તથા પોતાની બેંકની ફરજ દરમ્યાન કરેલી અન્ય ઉચાપતની રકમ બેંકમા જમા કરાવેલ છે તે હકીકત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાના માધ્યમથી નિ:સંદેહપણે ફલીત થાય છે. આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ સરકારી જાહેર સંસ્થાના અધિકારી અને કચેરીની કાર્યવાહી સંદર્ભેના છે. આથી, આ દસ્તાવેજી પુરાવાઓને નહિ માનવા ને કોઈ કારણ નથી.સદર કામે આંક-૨૩ થી આરોપીના એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ રજુ કરવામાં આવેલ છે તેમજ સદર કામે શકરીબેન માવસીંગભાઈના એકાઉન્ટનું પણ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે જે ધ્યાને લેતા શકરીબેનના એકાઉન્ટમાંથી આરોપીના એકાઉન્ટમાંરૂા.૩૦,૦૦૦/- ટ્રાન્સફર થયેૅલ હોવાનું નિ:શંકપણે સાબિત થાય છે.વધુમાં સદર કામે આંક-૧૦ થી ૨૦ સુધીના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ મૌખિક પુરાવાઓ ધ્યાને લેતા આ કામના આરોપીએ ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે સાબિત થાય છે.વધુમાં જણાવેલ છે કે બચાવપક્ષે વિશેષ રીતે પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી.આમ, ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ યોગ્ય પુરાવાઓ વડે પુરવાર કરેલો હોય જેથી આરોપીને કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા ફરમાવવા વિનંતી છે.

**૦૬).** સદર કામે આરોપી તરફે આંક–૪૯ થી રજુ લેખીત દલીલો ધ્યાને લીધી વધુમાં આરોપી પક્ષે વિ.વ.શ્રી કે.જી.રાઉલજી નાઓએ તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે,આ કામના આરોપીને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે આરોપી જુનીયર કલાર્ક હોય પોતાના ખાતામાં સીધી રીતે નાણા ટ્રાન્સફર કરી શકે નહી કારણ કે આઈ.ડી.તથા પાસવર્ડ બેંકના મેનેજર તથા કેશીયર પાસે હોય છે.સદર કામે આરોપીના ફરજના ભાગરૂપે કાર્ય હતુ તે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહેલી છે.સદર કામે ફરીયાદ મોડી આપવામાં આવેલ છે.સદર કામે શકરીબેનનું એકાઉન્ટ ડી એકટીવ હતુ જેથી મેનેજર કે કેશીયરના પાસવર્ડ આઈ.ડી.વગર તે એકટીવ થઈ શકે નહી જેથી ફરીયાદપક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉત્પન્ન થાય છે.સદર કામે ગુના રજીસ્ટ્રેશન નંબર. ૧૮૯/૨૦૨૪ થી બેંકના મેનેજર દામીનીબેન તથા કેશીયર નિલેશભાઈ વિરૂધ્ધ પણ ફરીયાદ નોંધાયેલી છે જેથી તેઓ પણ અન્ય ગુનામાં આરોપી હોય તેઓનો આ કેસનો પુરાવો માન્ય રાખી શકાય તેવો નથી.સદર કામે પંચનામુ પુરવાર થતુ નથી.સદર ગુનાના કામે યોગ્ય રીતે તપાસ થયેલ નથી.ખરી હકીકતે દામીનીબેન તથા આરોપી અનીલભાઈ વચ્ચે નાની મોટી બાબતમાં તકરાર થતી હતી જેથી આરોપીને ફરીયાદીએ ખોટો કેસ કરીને ફસાવી દીધેલ છે.વધુમાં જણાવેલ છે કે જુનીયર કલાર્ક તરીકે આરોપીએ નવા ખાતા ખોલવા તથા માહીતી આપવી વિગેરે કામગીરી કરવાની હોય છે જેથી આરોપીએ કહેવાતો ગુનો કરેલ હોવાનું માની શકાય તેમ નથી.સદર ગુનાના કામે બેંકના હોદ્દેદાર એવા બાલમુકુંન્દ શાહનું નિવેદન લેવામાં આવેલ નથી તથા સાહેદ રશેષભાઈ શાહનાઓએ પોતાની જુબાનીમાં ઘણી વિરોધાભાસ હકીકતો જણાવેલ છે જેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.સદર ગુનાના કામે સાતત્યભર્યો પુરાવો રજુ થયેલ

નથી.સદર ગુનાના કામે ઘણી બધી વાજબી શંકા ઉત્પન્ન થાય છે જેથી તેનો લાભ આરોપીને મળવો જોઈએ વધુમાં આરોપીએ નાણા ભરી દીધેલ છે તે હકીકત પણ ઘ્યાને લેવી જોઈએ જેથી સમગ્ર પુરાવો ઘ્યાને લેતા આ કામના આરોપીએ ગુનો કરેલ હોવાનું સાબિત થતુ નથી જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૦૭).** આ કામે ફરીયાદપક્ષની ફરીયાદ તથા સમગ્ર પુરાવાઓને ઘ્યાને લેતા સદર કેસનાં ન્યાયનિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –::: <u>મુદ્દાઓ</u> :::–

૧. શું ફરિયાદી પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૫–૦૭–૨૦૨૩ ના કલાક : ૧૪–૪૦ થી ૧૬ – ૧૦ વાગ્યા દરમ્યાન તેના ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા તેમની જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ની ફરજ દરમ્યાન બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/–(ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારક ની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તેઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસર ની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/– ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૨. શું હુકમ ?

૦૮). ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નંબર–૧. –હકારમાં.

મુદ્દા નંબર–૨. – આખરી હુકમ મુજબ.

૦૯). ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે પ્રમાણેના છે.

**–::: કારણો :::–**

**–::: મુદ્દા નંબર–૧ :::–**

આ કામે પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તે પહેલા આરોપી પર આક્ષેપીત ગુનાની સજા અંગેની જોગવાઈઓ જોવામાં આવે તો તે નીચે મુજબની છે.

**કલમ–૪૦૯ :**

જે કોઈ વ્યકિત, પોતાને કોઈ રાજયસેવકની હેસીયતથી અથવા પોતાનાં ધંધાનાં નાતે બેન્કર, વ્યાપારી, ફેકટર, દલાલ, એટર્ની જનરલ અથવા એજન્ટ તરીકે પોતાને કોઈ મીલકત અથવા મીલકત ઉપરનો કોઈ અધિકાર કોઈપણ રીતે સોંપાયેલો હોય અને તે મીલકત અંગે ગુનાહીત વિશ્વાસઘાત કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

૦૯.૦૧). આમ,રેકર્ડ ઉપરની ઉપરોકત હકીકત જોયા બાદ ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ રાખેલા પુરાવાઓની વિગત જોવામાં આવે તો, ફરીયાદપક્ષે આ કામે સૌ પ્રથમ આંક–૦૯ થી ફરીયાદી સાહેદ દામીનીબેન

હીરલભાઈ પંડયા ને તપાસવામાં આવેલ છે.સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ બેંક શાખામાં તા.૦૧/૪/૨૦૨૧ થી જુનીયર કલાર્કમાં અને તા. ૧/૬/૨૩ થી બ્રાન્ચ મેનેજર તરીકે અને હાલ આસીસ્ટન્ટ એકાઉન્ટ તરીકે મારી ફરજ બજાવુ છુ.અમારી ઓફીસમાં નીલેશભાઈ જયંતીલાલ શાહ,વિજયભાઈ રામાભાઈ વણકર અને અલ્પેશભાઈ ભયલાલભાઈ વરીયા અને અનીલભાઈ બળવંતભાઈ બારીઆ અલગ અલગ પોષ્ટ પર કામ કરતા હતા.અનીલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ અડાદરા શાખામાંથી જાંબુઘોડા શાખામાં બદલી થતા તા.૧૯/૬/૨૩ ના રોજ જુનીયર કલાર્ક તરીકે જાંબુઘોડા શાખામાં હાજર થયેલ.હું ૧૫/૭/૨૩ ના રોજ ૨:૪૦ થી ૪:૧૦ સુધી બહાર ગામ ખાતા ખોલવા માટે ગયેલ જે દરમ્યાન મારા આઈ ડી પાસવર્ડ અનીલભાઈ બારીઆનાઓ ને આપેલ.હુ જે પાસવર્ડ આપેલ તે પાસવર્ડથી બેંકમાં ઉધાર જમાની કામગીરી થઈ શકે તે માટે આપેલ.તે દરમ્યાન તે જ તારીખે ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના ખાતા નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી અનીલભાઈ બળવંતભાઈ બારીઆએ ખાતા નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ પોતાના ખાતા નંબરમાં રૂપીયા ૩૦ હજાર ટ્રાન્સફર કરેલ. તા.૧૭/૭/૨૩ ના રોજ રોજ બરોજની કામગીરી ચેક કરતા આવી વાઉચરની ઉધાર કે જમા વાઉચર હતા નહી જેથી મે સાંજે ૬:૩૦ વાગ્યે મે અનીલભાઈ ને ફોન કરી વાત કરેલી કે આ બે ઉધાર જમાના વાઉચર મળતા નથી તો તેઓએ જણાવેલ કે મારા સબંધી શકરીબેન છે જેથી મે ટ્રાન્સફર કરેલા છે તેવુ જણાવેલ.બેંકીંગ રુલ્સ મુજબ ઉધાર જમા ના વાઉચર વગર અને ખાતા ધારકની પરવાનગી વગર થાય નહી. મારા ઉપલી કચેરીએ ડી.જે.એમ બાલુભાઈ મુકુંદભાઈ શાહ ને મે પત્ર દ્વારા જાણ કરેલ જેમાં મારી સહી છે અને સીકકો છે જેની ઓફીસ કોપી હુ

આજરોજ  રજુ કરુ છુ જે રજુ દાખલ આંક–૧૦, આમ કરીને અનીલભાઈ બારીઆએ ખાતાધારકના નાણાની સંભાળવાની જવાબદારીથી બંધાયેલા હોવા છતા ૩૦ હજારની લેવડ દેવડ કરી ગુનાહીત કૃત્ય કરેલ છે જે બાબતની મે ફરીયાદ આપેલ જે મારા ચીફ એકઝીકયુટીવ ઓફીસરનાઓ મને આ કામે પોલીસમાં ફરીયાદ દાખલ કરવા માટે અધિકાર પત્ર આપેલ જેમાં મારુ નામ છે અને તેમાં ચીફ એકઝીકયુટીવ  ઓફીસરની સહી છે જે હું અસલ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક.૧૧.આ કામે મે આરોપી વિરૂધ્ધ જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જેમાં મારી સહી છે જે હુ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક.૧૨. મે ફરીયાદ સાથે મે શકરીબેન માવસીંગભાઈ પટેલના પંચમહાલ ડી.કો.ઓ.બેંકમાંતેઓનુ એકાઉન્ટ ખાતા નંબર ૧૯૫૦૦૦ ૮૦૦૭૫૦ માં જમા ઉધાર થયેલ તે બાબતનુ સ્ટેટમેન્ટ મે બેંક કોમ્પ્યુટર જાંબુઘોડા શાખામાંથી પ્રીન્ટ મેળવેલ.મારી ઓફીસમાં અમારા કોમ્પ્યુટર સ્ટાફમાં જે ત્રણ ચાર લોકો હોય તે ઉપયોગ કરે છે એ સીવાય બીજા કોઈ ઉપયોગ કરતા નથી જે પ્રીન્ટમાં જોતા તા.૧૫/૭/૨૩ ના રોજ રૂપીયા ૩૦ હજાર ખાતા નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી ઉપડી અને અનીલભાઈ બળવંતભાઈના ખાતા નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯માં જમા એન્ટ્રી થયેલ જેની પ્રીન્ટ કુલ ચાર  પેજમાં છે જેમાં અમારી ઓફીસનુ રાઉન્ડ સીલ મારેલ છે અને મારો સીકકો તથા સહી કરેલ  છે જે હુ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક. ૧૩ આ કામે અનીલભાઈ બળવંત ભાઈના અડાદરા શાખા પંચમહાલ ડી.કો.ઓ બેંકના  એકાઉન્ટ ખાતા નંબર  ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ ની પાસબુક ચોપડીની પ્રીન્ટ મેળવેલ જે મે બેંક કોમ્પ્યુટર જાંબુઘોડા શાખામાંથી પ્રીન્ટ મેળવેલ.જે પ્રીન્ટમાં જોતા તેમાં અનીલભાઈ બળવંતભાઈ બારીઆનુ નામ છે અને ખાતા નંબર ઉપરોકત ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ નો છે જેમાં મે મારી ઓફીસનુ રાઉન્ડ સીલ અને મારી સહી છે  જે હુ રજુ કરુ છુ  જે રજુ દાખલ

આંક.૧૪.આ કામે અનીલભાઈ બળવંતભાઈનાઓનો કરાર આધારીત શરતો મુજબ જુનીયર કલાર્ક તરીકે નિમણુંક કરવામાં આવેલ જે ચીફ એકઝીકયુટીવ ઓફીસરનાઓ કરે છે જે આજરોજ મારી સાથે ઓફીસ કોપી લાવેલ છુ જેમાં મારી સહી અને હોદાનો સીકકો કરેલ છે જે રજુ દાખલ આંક.૧૫ .એ જ રીતે અનીલભાઈ બળવંતભાઈ બારીઆનાઓને પ્રોબશન પર ઓર્ડર પર બીજો હુકમ ન થાય ત્યાં સુધી પ્રોબેશન (અજમાયશી ) નિમણુંક આપવામાં આવેલ તે હુકમની ઓફીસ કોપી મારી સાથે લાવેલ છુ જેમાં મારી સહી તથા હોદાનો સીકકો છે જે હુ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક. ૧૬.મે ડી.જી.એમને જાણ કરતો પત્ર લખેલ જે અનુસંધાને ડી.જી.એમ સાહેબે ઉપલી હેડઓફીસમાં જણ કરેલ તે પત્ર હુ મારી સાથે લાવેલ છુ જેમાં ઓફીસનો રાઉન્ડ સીલ તથા મારી સહી છે જે હુ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક.૧૭.ડી.જી.એમ. હેડ ઓફીસને જાણ કરાયા બાદ તા.૨૪/૭/૨૩ ના રોજ એક લાખ રૂપીયા અનીલભાઈએ બેંકમાં ભરેલા જેમાં ૩૦ હજાર જાંબુઘોડા શાખાના તથા ૬૨ હજાર રૂપીયા અડાદરા શાખાના અને ૮ હજાર રૂપીયા વ્યાજના એમ કરીને કુલ ૧ લાખ ભરવા અંગેનો ઠરાવ થયેલો જેમાં ચીફ એકઝીકયુટીવ ઓફીસરની સહી છે અને તેમનો હોદો છે તેની ઓફીસ કોપી હુ મારી સાથે લાવેલ છુ જેમાં મારી સહી તથા સીકકો કરેલ છે તે રજુ દાખલ આંક.૧૮.આ કામે અનીલભાઈને સસ્પેન્ડ કરેલ જે બાબતનો પત્ર મારી સાથે લાવેલ છુ જેમાં ચીફ એકઝીકયુટીવ ઓફીસરની સહી છે જે હુ કરુ છુ જેમાં મારી સહી તથા હોદાનો સીકકો છે જે રજુ દાખલ આંક–૧૯. તા.૧૫/૭/૨૩ ના રોજ હું કલાક ૨:૪૦ થી ૪:૧૦ દરમ્યાન બહાર વસુલાત કરવા માટે તથા નવા એકાઉન્ટ માટે ગયેલ તેનુ મુવમેન્ટ રજીસ્ટરની ઝેરોક્ષ કોપી મારી સાથે લાવેલ છું જેમાં મારી સહી તથા હોદાનો સીકકો તથા બેંકનુ રાઉન્ડ સીલ છે જે હુ રજુ કરુ છુ જે રજુ દાખલ

આંક.૨૦.મારી પર પોલીસ સ્ટેશનમાંથી ફોન આવેલ અને મે તે આધારે શકરીબેનનુ ખાતુ દેવગઢ બારીઆ આવેલ હોય ત્યાં ફોન કરી પુછપરછ કરતા શકરીબેનનુ અવસાન થયેલાનુ જાણવા મળેલ અને તેઓનો મરણનો દાખલો તેમનો છોકરો જાંબુઘોડા પોલીસ સ્ટેશન આપી ગયેલાનુ જાણેલ.આરોપીને ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે તે જ છે. મે અનીલકુમાર બળવંતભાઈ બારીઆના એકાઉન્ટ ના સ્ટેટમેન્ટ મેળવેલ છે તેમનુ એકાઉન્ટ અડાદરા પી.ડી.સી.બેંકમાં આવેલુ છે જેનો એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ નો છે જેમાં તા. ૧૫/૭/૨૦૨૩ ના રોજ જાંબુઘોડા પી.ડી.સી.બેંકમાંથી શકરીબેન માવસીંગભાઈ પટેલ કે જેમનુ ખાતુ દેવગઢ બારીઆ ખાતે આવેલ છે તેમાંથી રૂા.૩૦,૦૦૦/-તેમના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ છે જેનુ સ્ટેટમેન્ટ મે પી.ડી.સી.બેંક જાંબુઘોડા શાખાના મેનેજરશ્રી પાસેથી મેળવેલ જેઓ કમ્પ્યુટરમાંથી પ્રીન્ટ કાઢી ખરાઈ કરી એમ.એ.ગાંધી નો સીકકો છે અને તેમની સહી છે અને પી.ડી.સી.બેંકનુ રાઉન્ડ સીલ છે જે સ્ટેટમેન્ટ હું રજુ કરુ છુ જે કામમાં રજુ દાખલઆંક.૨૩ આપવામાં આવે છે.હું આરોપીને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો,એ વાત ખરી છે કે આ કામના આરોપી અમારા સ્ટાફના હોવાથી ફરીયાદ થયા પહેલેથી ઓળખીએ છીએ.બનાવ સમયે જાંબુઘોડા પી.ડી.સી.બેંકમાં કુલ- ૫ સ્ટાફના માણસો હતા.બનાવ સમયે અમો પી.ડી.સી.બેંક જાંબુઘોડા ખાતે ઈન્ચાર્જ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. બનાવ સમયે અમારા સ્ટાફમાં એક કેશીયર તથા બે કલાર્ક હતા અને એક પટાવાળા હતા.

સવાલ:- ઈન્ચાર્જ મેનેજર તરીકે શુ કામગીરી કરવાની હોય છે ?

જવાબ:-ફીલ્ડ વિભાગમાં કામ કરવાનુ હોય છે તેમજ એકાઉન્ટ ઓપનીંગ માટે બહાર જવાનુ હોય છે તેમજ બેંકમાં એ.ટી.એમ ઈસ્યુ કરવાની કામગીરી હોય છે તેમજ લોન અંગેની કામગીરી કરવાની હોય છે તેમજ સેવા સહકારી મંડળીના ધીરાણ અંગેની કામગીરી કરવાની હોય છે તેમજ વાઉચરો ચેક કરવાનુ હોય છે તેમજ ચેકના નાણાંનુ વેરીફીકેશન કરવાનુ હોય છે તેમજ બેંકમાં ચેક,સ્લીપ અને વાઉચરથી નાણાં ટ્રાન્સફર થાય તેની ચકાસણી અંગેની પણ કામગીરી કરવાની હોય છે તેમજ અન્ય બેંકીંગના વ્યવહારોને લગતી કામગીરી કરવાની હોય છે. એ વાત ખરી નથી કે અમારી બ્રાન્ચમાં જો કોઈ ચેક સ્લીપ કે વાઉચરો આવે તો કેશીયરે અમારી પાસે વેરીફીકેશન કરાવવાનુ હોય છે.એ વાત ખરી છે કે બેંકીંગ ના રુલ્સ અને રેગ્યુલેશન મુજબ જો કોઈ ચેક સ્લીપ કે વાઉચરો આવે તો કેશીયરે બ્રાન્ચના મેનેજર પાસે વેરીફીકેશન કરાવવાનુ હોય છે.એ વાત ખરી છે કે બેંકમાં જો ચેક અને વાઉચર આવે તો તેમાં બેંકના કેશીયર અને મેનેજરની મેકર અને ચેકર તરીકે સહી કરવાની હોય છે.અમારી બેંકનો સમય સવારે ૧૦ :૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીનો છે.એ વાત ખરી નથી કે સાંજે હેડઓફીસમાંથી તેમની આવેલ શાખાઓમાં ટ્રાન્જેકશન અંગે સીસ્ટમ જનરેટ કરતા હોય છે.એ વાત ખરી છે કે બેંકીંગ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ દીવસના અંતે ટ્રાન્જેકશન અંગે સીસ્ટમ જનરેટ કરવાનુ થતુ હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારી બ્રાન્ચમાં બીજા દીવસે હેડઓફીસથી ટ્રાન્જેશન અંગે સીસ્ટમ જનરેટ થઈ ને આવતી હોય છે.એ વાત ખરી છે કે સીસ્ટમ જનરેટનો રીપોર્ટ તથા અમારે ત્યાં આવેલ વાઉચરો તથા ચેકસ બંનેનુ કંમ્પેર કરવાનુ થતુ હોય છે.એ વાત ખરી છે કે સીસ્ટમ જનરેટનુ રેકર્ડ અને વાઉચર તથા ચેકસ જયારે કંમ્પેર થાય ત્યારે તેમાં જો વિસંગતતા હોય તો કંમ્પેર વખતે ખ્યાલ આવી જાય છે.એ વાત ખરી

છે કે કોઈપણ બેંકના બ્રાન્ચ માં કોઈપણ નાણાં જમા કરવામાં આવે ત્યારે તથા ખાતામાંથી નાણાંનો ઉપાડ કરવામાં આવે ત્યારે તથા અન્ય ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાના હોય તેને લગતી મુખ્યત્વે કામગીરી બેંકના કેશીયર કરતા હોય છે.એ વાત ખરી છે કે એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે બે આઈ ડી જેમાં મેકર અને ચેકર એમ બે આઈ ડી ની જરુર પડતી હોય છે.એ વાત ખરી છે કે એમ્પલોઈ કોડ ઉપરથી આઈ ડી લોગીન થાય છે.એ વાત ખરી છે કે બેંકીંગ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ સદર આઈ ડી લોગીન બેંકના મેનેજર અને કેશીયર પાસે હોય છે. એ વાત ખરી છે કે અમારી બેંકમાં રીજર્વ બેંક દ્વારા બનાવવામાં આવેલ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ કામગીરી કરવાની થતી હોય છે.એ વાત ખરી છે કે પી.ડી.સી.બેંક જાંબુઘોડા શાખામાં તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ કેશીયર હાજર હતા.એ વાત ખરી છે કે જો કામનુ ભારણ વધારે હોય તો રજાના દીવસે પણ અમારી કામગીરી કરવી પડતી હોય છે.આ કામના આરોપીને રજાના દીવસે બોલાવવામાં આવેલ હતો અને તેઓએ ના પાડેલ હોય તેવુ બનેલ છે કે કેમ તે અમો હાલમાં જાણતા નથી.સદર કામના આરોપીએ અમારી પાસે રજાના દીવસે આવવામાંથી મુકિત માંગેલ હોય અને અમોએ ના પાડેલ હોય તેવુ બનેલ છે કે કેમ તે હાલમાં મને યાદ નથી.સદર કામના આરોપીને રજાના દીવસે આવવા માટે જણાવતા અમોએ તેમનો રજાનો રીપોર્ટ નામંજુર કરેલ હોય અને તેઓએ ચીફ ઓફીસર પાસે રજા મંજુર કરાવેલ હોય તેવો પ્રસંગ બનેલ છે કે કેમ તે હાલમાં મને યાદ નથી.એ વાત ખરી છે કે સદર કામના આરોપી રીસેશમાં ગયા બાદ મોડા આવેલ હોય તે અંગે અમોએ ડી.જે.એમ.ને જાણ કરતા તેમના દ્વારા સદર આરોપી ને મેમો આપવામાં આવેલ હતો.એ વાત ખરી નથી કે મારે જેટલા પણ સ્ટાફ હતા તેમાં સદર આરોપી સાથે ઓછુ બનતુ

હતુ.એ વાત ખરી છે કે અમારે સદર આરોપી સાથે બેંકમાં નાની મોટી વાતોમાં કોઈ વાર ઘર્ષણ થતુ હતુ.એ વાત ખરી છે કે બેંકના બ્રાન્ચમાં કોઈપણ નાણાં જમા કરવામાં આવે ત્યારે તથા ખાતામાંથી નાણાંનો ઉપાડ કરવામાં આવે ત્યારે તથા અન્ય ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાના હોય તેને લગતી કોમ્પ્યુટરમાં એન્ટ્રી બેંકના કેશીયર કરતા હોય છે.એ વાત ખરી છે કે બેંકના જુનીયર કલાર્કને નવા ખાતા ખોલવા માટે જવાનુ હોય છે તેમજ ખાતા વિશે ખાતા ધારકને માહીતગાર કરવાનુ હોય છે તેમજ લોનની રીકવરી માટે પણ જવાનુ હોય છે.એ વાતખરી નથી કે કોઈપણ ખાતુ ત્રણ મહીના ઓપરેટ ન કરવામાં આવે તો તે ખાતુ ડીએકટીવેટ થઈ જતુ હોય છે.કોઈપણ ખાતુ ત્રણ મહીના ઓપરેટ ન કરવામાં આવે તો તે ખાતુ ડીએકટીવેટ થઈ જાય કે કેમ તે અમો જાણતા નથી. એ વાત ખરી છે કે અમો બેંકના રુલ્સ અને રેગ્યુલેશન થી સામાન્ય રીતે માહીતગાર છીએ.કોઈપણ એકાઉન્ટ જમા ઉપાડ કે ટ્રાન્સફરની કમ્પ્યુટર સીસ્ટમમાં એન્ટ્રી વખતે કેશીયરના આઈ ડીમાં કયુ નંબર પડતો હોય છે. એ વાત ખરી છે કે કયુ નંબર કેશીયરે વાઉચર ઉપર લખવાનો હોય છે.એ વાત ખરી છે કે કોઈ એકાઉન્ટ ઈન એકટીવ હોય ત્યારે તે એકાઉન્ટ એકટીવ કરતા પહેલા બેંકના મેનેજર ધ્વારા કેશીયરના આઈ ડી નંબર પડેલો કયુ પોતાના આઈ ડી એકાઉન્ટ ઉપર થી ઓથોરાઈઝ કરવામાં આવે ત્યારબાદ તે ઈન ઓપરેટીવ એકાઉન્ટ એકટીવ થાય છે.એ વાત ખરી છે કે ખાતુ એકટીવ થયા બાદ જબેંકીંગના લગતા વ્યવહારો તેમના એકાઉન્ટમાં થઈ શકે.એ વાત ખરી છે કે સદર કામે શકરીબેન માવસીંગભાઈ પટેલનુ જે એકાઉન્ટ છે તે બનાવ સમયે અન ઓપરેટીવ હતુ.એ વાત ખરી છે કે બેંકને લગતુ કોઈપણ ટ્રાન્ઝેકશન બેંકના મેનેજર અને કેશીયરના આઈ ડી થી કરવામાં આવતુ હોય છે.એ વાત ખરી છે કે બેંક મેનેજર અને કેશીયર બંનેનુ આઈ ડી અને પાસવર્ડ હોય તો જ બેંકના બ્રાન્ચના

ટ્રાન્જેકશનો થઈ શકે. જે ખાતામાં ટ્રાન્જેકશન ન થતુ હોય તેવા ખાતા ઈન ઓપરેટીવ થઈ જતા હોય છે.એ વાત ખરી છે કે ઈન ઓપરેટીવ ખાતા તથા ડીએકટીવેટ ખાતા એ બંને એક જ છે. શકરીબેન નું ખાતુ બનાવ સમયે ઈન ઓપરેટીવ હતુ કે કેમ તે હાલમાં અમોને ખબર નથી. એ વાત ખરી છે કે બેકીંગ વ્યવહારના સીકયોરીટી માટે મેનેજરને આઈ ડી તથા પાસવર્ડ આપવામાં આવતા હોય છે.અમારા બેંકના કેશીયર અમારુ આઈ ડી તથા પાસવર્ડ કોઈ વાર અમો બહાર ગયા હોય તો તેઓને કામગીરી કરવાની હોય તેથી તેઓ અમારા આઈ ડી તથા પાસવર્ડ જાણે છે.એ વાત ખરી નથી કે આ કામના આરોપીને અમારી બેંકના કેશીયર સાથે નાની મોટી વાતોમાં ઝગડા થતા હતા.એ વાત ખરી છે કે અમો તથા અમારા બેંકના કેશીયર નિલેષભાઈ વિરૂઘ્ઘ જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૭૦૩૧૨૪૦૧૮૯/ ૨૦૨૪ થી ઈ.પી.કો. કલમ–૪૦૯, ૪૭૧, ૧૨૦ બી મુજબ ગુનો નોંધાયેલો છે.એ વાત ખરી નથી કે શકરીબેનના ખાતામાંથી આ કામના આરોપીએ કોઈ નાણાં ટ્રાન્સફર કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારે આર કામના આરોપી સાથે અણબનાવ હોય આરોપીને સદર કામમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે.એ વાત ખરી નથી કે આરોપીને ખોટી રીતે દબાણ કરી નોકરી છીનવી લેવાની બીક બતાવી રૂપીયા ૧,૦૦,૦૦૦/– જમા કરાવેલા છે.એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ કોઈ કહેવાતો ગુનાહીત વિશ્વાસઘાત કરેલ નથી.એ વાત ખરી નથી કે અમારા ફરીયાદના સમર્થનમાં આજરોજ કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૨).** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૬ થી સાહેદ નિલેષભાઈ જયંતિલાલ શાહ ને તપાસવામા આવેલા છે. સાહેદ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ''હું ૨૦૧૯ થી જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકમાં કલાર્ક કમ કેશીયર તરીકે ફરજ બજાવતો હતો અને હાલ

હું હેડ ઓફીસ ગોધરા ખાતે મારી ફરજ બજાવુ છુ.પોલીસે મારો જવાબ લીધેલ જેની તારીખ હાલ મને યાદ નથી.૨૦૨૩ માં ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકમાં દામીનીબેન હીરલભાઈ પંડયાનાઓ એકાઉટન્ટ તથા મેનેજર તરીકે ફરજ બજાવતા હતા તથા અનીલભાઈ બી બારીઆ જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તથા વિજયભાઈ જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તથા અલ્પેશભાઈ વરીયા પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. દામીનીબેને અનિલભાઈ વિરૂધ્ધ જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ.તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ ખાતા ધારક શકરીબેન માવસીંગ ભાઈ પટેલના એકાઉન્ટમાંથી રૂા.૩૦,૦૦૦/– અનિલભાઈ બળવંત ભાઈ નાઓએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરેલ હતા.તા.૧૫/૦૭/ ૨૦૨૩ ના રોજ હું જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકમાં મારી નોકરી ઉપર હાજર હતો તે દિવસે બ્રાંન્ચ **મેનેજર દામીનીબેન કલાક ૦૨:૧૦ થી ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન બહાર ગામ નવા ખાતા ખોલવા માટે ગયેલ હતા અને તે વખતે અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓને તેઓના કમ્પ્યુટરનો પાસવર્ડ આપેલ.**આ પાસવર્ડથી જે કઈ એન્ટ્રીઓ જમા ઉધાર ની હોય તે પાસ થાય જે જમા ઉધારની જવાબદારી અનિલભાઈને સોપવામાં આવેલ.તા.૧૫/૦૭/ ૨૦૨૩ ના રોજ ખાતા ધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/– ઉધારી ને અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ તેમના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧ ૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ.તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ અમો નોકરી ઉપર હતા તે દરમ્યાન દામીનીબેને વાઉચરો તપાસતા ઉધારા અને જમાના વાઉચરો જણાઈ નહી આવતા જેથી દામીનીબેને અનિલભાઈને ફોનથી પુછેલ કે શકરીબેન પટેલનુ વાઉચર મળતુ નથી તેવુ પુછતા અનિલભાઈ

નાઓએ જણાવેલ કે શકરીબેન મારા સગા છે તેથી મે મારા ખાતામાં ટ્રાન્સફર કરેલ છે તેવુ જણાવેલ. ત્યારબાદ તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ બનાવ વિશે ડીજીએમ સાહેબ નાઓને દામીનીબેને જાણ કરેલ. ત્યારબાદ અનિલભાઈએ રૂા.૧,૦૦,૦૦૦/-મુખ્ય હેડ ઓફીસ ગોધરા ખાતે તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ જમા કરાવેલ.આમ કરી ને અનિલભાઈએ બેંક સાથે અને ગ્રાહક સાથે ફ્રોડ કરેલ.ફ્રોડમાં ગ્રાહક ના ખાતામાંથી પોતાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરેલ.આરોપીને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો, એ વાત ખરી છે કે સદર કામના આરોપી અમારા બેંકમાં નોકરી કરતા હોય તેથી તેઓને અમો ઓળખીએ છીએ.

સવાલ:- બનાવ સમયે તમારી બેંકમાં તમો કઈ ફરજો બજાવતા હતા અને શું કામગીરી કરતા હતા ?

જવાબ:-બેંકમાં હું કલાર્ક કમ કેશીયર તરીકે ફરજ બજાવતો હતો જેમાં ઉધાર અને જમાં કેશ લેવાની અને આપવાની ફરજમાં આવતુ હતુ.એ વાત ખરી છે કે બેંકના રુલ્સ અને રેગ્યુલેશન મુજબ કોઈ ચેક કે વાઉચર આવે તો તેની ખરાઈ અમો બેંકના મેનેજર જોડે કરાવવાની હોય છે.એ વાત ખરી છે કે કોઈ ચેક કે વાઉચર આવે ત્યારે ચેકર તરીકે જેણે વાઉચર પાસ કરેલ હોય તેને સહી કરવાની હોય છે તથા મેકર તરીકે જેણે પોસ્ટીંગ કરેલ હોય તે કર્મચારીએ સહી કરવાની હોય છે.અમારી બેંકનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીનો છે.એ વાત ખરી છે કે બેંકીગ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ આખા દિવસમાં બ્રાંન્ચમાં જે ટ્રાન્જેકશન થયેલ હોય તેની સીસ્ટમ જનરેટ કરવાની થતી હોય છે.એ વાત ખરી છે કે આખા દિવસમાં બ્રાંન્ચ માં જે

ટ્રાન્જેકશન થયેલ હોય તેનો રીપોર્ટ હેડ ઓફીસથી આવતો હોય અને તે રીપોર્ટમાં જણાવેલ એન્ટ્રીઓને બ્રાંન્ચના મેનેજર દ્વારા સીસ્ટમ જનરેટ વખતે મેળવણી કરવાની હોય છે.એ વાત ખરી છે કે સીસ્ટમ જનરેટ વખતે મેળવણી કરતા કોઈ ટ્રાન્જેકશનમાં ભુલ હોય તો તે ભુલ મેળવણી વખતે જણાઈ આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઘણી વખત સીસ્ટમ જનરેટની કામગીરી મેનેજરને જયારે સમય મળે ત્યારે કરતા હોય છે.એ વાત ખરી છે કે બેંકીંગ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ સીસ્ટમ જનરેટની કામગીરી ડેઈલી કરવાની હોય છે.એ વાત ખરી છે કે બેંકમાં એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરવા માટે મેકર અને ચેકર બંનેના આઈ ડીની જરુર પડતી હોય છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે બેંકના આઈ ડી તથા લોગીન બેંકના મેનેજર તથા કેશીયર પાસે રહે છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વધારે કામગીરી હોય તો બીજા કર્મચારીઓને પાસવર્ડ તથા લોગીન આપવો પડતો હોય છે.એ વાત ખરી છે કે બેંકોએ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જે નિયમો બનાવવામાં આવેલા છે તે નિયમો મુજબ કામગીરી કરવાની થતી હોય છે.એ વાત ખરી છે કે જો બેંકમાં કામગીરી વધારે હોય તો બેંકના મેનેજર દ્વારા રજાના દિવસે પણ કર્મચારીઓને કામગીરી પતાવવા માટે બોલાવવામાં આવતા હોય છે.એ વાત ખરી છે કે રજાના દિવસે અનિલભાઈ ને મેનેજર દામીનીબેન બોલાવતા હતા ત્યારે અનિલભાઈ આવવાનો ઈન્કાર કરતા હતા.એ વાત ખરી છે કે ઘણી વખત દામીનીબેન અનિલભાઈની રજા નામંજુર કરતા હતા ત્યારે અનિલભાઈ ઉપર ઓફીસમાં જાણ કરી પોતાની રજા મંજુર કરાવતા હતા. એ વાત ખરી છે કે અનિલભાઈ રીશેષ સમયે મોડા આવતા હતા ત્યારે ઘણી વખત દામીનીબેને ઉપલા અધિકારીને જાણ કરી અનિલભાઈને મેમા અપાવેલ છે.એ વાત ખરી છે કે અનિલભાઈ તથા દામીનીબેન વચ્ચે ઘણી વખત

ઘર્ષણ તથા મનદુખ થતુ હતુ. અમારી બેંકમાં કેશ સિવાયની ટ્રાન્સફરની એન્ટ્રી કલાર્ક ધ્વારા કરવામાં આવે છે તથા કેશના ટ્રાન્સફરની એન્ટ્રી કેશીયર ધ્વારા કરવામાં આવે છે.

સવાલ:– જુનિયર કલાર્કે બ્રાંન્ચમાં કઈ કઈ કામગીરી કરવાની હોય છે ?

જવાબ:–બ્રાંન્ચમાં કેશ તથા ઉધાર તથા જમા ટ્રાન્સફરના પોસ્ટીંગ કરવાનુ હોય છે તથા નવા ખાતા ખોલવાની કામગીરી હોય છે તથા ખાતા વિષે ખાતા ધારકને માહીતી આપવાની હોય છે તથા લોનની રીકવરી માટે જવાનુ હોય છે. એ વાત ખરી છે કે બેંકમાં કોઈ પણ ખાતુ એક વર્ષ સુધી ટ્રાન્જેકશન ન થાય તો ખાતુ ડીએકટીવેટ થઈ જતુ હોય છે.ડીએકટીવ ખાતુ એકટીવ કરવા માટે ખાતાના ખાતેદારે કેવાયસી આપવાનુ હોય છે તથા ફોર્મ ભરીને તેમાં તેમની સહી કરીને જરુરી દસ્તાવેજો આપવાના હોય છે. કેવાયસી ફોર્મ તથા તેમા જરુરી દસ્તાવેજો ખાતેદારે પોતાની હોમ બ્રાંન્ચમાં આપવાના હોય છે. બનાવ સમયે શકરીબેનનુ ખાતુ ડીએકટીવેટ હતુ કે કેમ તે અમો જાણતા નથી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવની જાણ અમોને દામીનીબેને કરતા અમોને બનાવની જાણ થયેલી.એ વાત ખરી છે કે અમારી રૂબરૂમાં અનિલભાઈએ શકરીબેનના ખાતામાંથી નાણા ટ્રાન્સફર કરેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે દામીનીબેન તેમના ઉપલા અધિકારીને જાણ કર્યા બાદ સદર કામની ફરીયાદ આરોપી વિરૂધ્ધ આપેલ હતી. એ વાત ખરી છે કે સદર કામની ફરીયાદ દામીનીબેન પોલીસમાં આપ્યા બાદ અમોને તે અંગે જાણ કરેલી.એ વાત ખરી છેકે દામીનીબેને ફરીયાદ આપ્યા અંગે અમોને માહીતગાર કરેલ હતા.એ વાત ખરી છે કે અમો તથા દામીનીબેન વિરૂધ્ધ જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૭૦૩૧ ૨૪૦૧૮૯/૨૦૨૪ થી ઈ.પી.કો કલમ–૪૦૯,૪૭૧,૧૨૦ બી મુજબનો ગુનો નોંધાયેલ છે. એ વાત ખરી નથી કે શકરીબેનના ખાતામાંથી આ કામના

આરોપી એ નાણા ટ્રાન્સફર કરેલ નથી.એ વાત ખરી નથી કે દામીનીબેનને સદર કામના આરોપી સાથે બનતુ ન હોય તેઓને ખોટી રીતે સંડોવી આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે.એ વાત ખરી નથી કે આ કામના આરોપીને ખોટી રીતે ધમકાવી અને તેમને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપી ખોટી રીતે રૂા.૧,૦૦,૦૦૦/- જમા કરાવેલ છે.એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી.એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી અમારા ઉપલા અધિકારી થતા હોય તેમના કેસના સમર્થનમા આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૩).** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક-૨૭ થી સાહેદ વિજયભાઈ રામાભાઈ વણકર ને તપાસવામા આવેલા છે. તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,''હું આ બનાવ બન્યો ત્યારે જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકમાં કરાર આધારીત કલાર્ક તરીકે ફરજ બજાવતો હતો. અમોએ તા.૩૧/૧૨/ ૨૦૨૩ સુધી જાંબુઘોડા ખાતે ફરજ બજાવેલ હતી તે વખતે પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક જાંબુઘોડામાં ચાર જણનો સ્ટાફ હતો જેમાં દામીનીબેન પંડયા મેનેજર હતા અને નિલેષભાઈ શાહ કલાર્ક કમ કેશીયર હતા અને અનિલભાઈ કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા.મારી ફરજમાં ખાતા ખોલવાના,એટીએમ ઈસ્યુ કરવાના,વિડ્રોલ આપવાના વિગેરે કામગીરી કરવાની હતી.તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ ૩૦,૦૦૦/-ની એન્ટ્રી થયેલ તે દિવસે હું રજા પર હતો. ફરિયાદી એ ફરિયાદ આપેલ તેના ત્રીજા દિવસે પોલીસે મારો જવાબ લીધેલ જે જવાબમાં મે લખાવેલ કે જે દિવસે એન્ટ્રી થયેલ તે દિવસે હુ રજા પર હતો અને બીજા દિવસે મેનેજરે આવી વાઉચરો ચેક કરતા હતા ત્યારે મેડમને માલુમ પડેલ કે આ ૩૦,૦૦૦/-ની એન્ટ્રી બતાવતી નથી

જેથી તેઓએ અમોને પુછેલ કે એન્ટ્રી તમોએ કરેલ છે ? તેવી પુછપરછ કરતા મે જણાવેલ કે એ દિવસે હું રજા પર હતો તેથી અમોએ એન્ટ્રી કરેલ નથી. ત્યારબાદ દામીનીબેને અનિલભાઈને ફોન કરી પુછેલ. આ સિવાય હુ બીજુ કશુ જાણતો નથી કે આ સિવાય મે પોલીસને કંઈ જણાવેલ નહી આ સિવાય મારે બીજુ કહેવુ નથી તેવી હકીકત પોતાના નિવેદનથી વિરુઘ્ધ ની જણાવતા સાહેદને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી પુરાવા **કલમ–૧૫૪ અન્વયે સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદે જણાવેલ છે કે** '' એ વાતનો મને ખ્યાલ નથી કે પોલીસે મારો જવાબ તા.૧૪/૧૨/૨૩ ના રોજ લીધેલ.એ વાત ખરી છે કે તા.૧૩/૧૨/૨૩ ના રોજ દામીનીબેન હીરલભાઈ પંડયાનાઓએ અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ વિરૂઘ્ધ ફરિયાદ આપેલ.એ વાત ખરી છે કે તે ફરિયાદ પોલીસે અમોને વંચાવેલ હતી.એ વાત ખરી છે કે ''તા.૧૫/૦૭/૨૩ ના રોજ ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવિંગ એકાઉન્ટ નં.૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/–ઉધારી ને અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓએ તેમના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ'' તેવી વિગત અમોએ ફરિયાદમાં વાંચેલ હતી.એ વાત ખરી છે કે ''અનિલભાઈનાઓ બેંક કર્મચારી હોય અને સંપુર્ણ વિગત જાણવા છતા તેઓની જાંબુઘોડા ખાતેની બેંકિંગની ફરજ દરમ્યાન બેંક નુ તથા ગ્રાહકનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલ હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરેલ''તેવી વિગત અમોએ ફરિયાદમાં વાંચેલ હતી.એ વાત ખરી છે કે તા.૧૭/૦૭/૨૩ ના રોજ જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક શાખામાં મારી નોકરી

પર આવેલ ત્યારે બનાવ બાબતે બ્રાંન્ચ મેનેજર દામીનીબેનનાઓ એ મને જાણ કરેલ હતી.એ વાત ખરી નથી કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે ''તા.૧૫/૦૭/૨૩ ના રોજ કલાક ૦૨:૪૦ વાગ્યાથી ૦૪:૧૦ દરમ્યાન હું બહાર ગામ નવા ખાતા ખોલવા માટે ગયેલ અને જુનિયર કલાર્ક અનિલભાઈ બળવંતભાઈ નાઓ ને મે પાસવર્ડ આપેલ''.**એ વાત ખરી છે કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે '' બેંકનો રોજીંદો વ્યવહાર ખાતામાં જમા ઉધાર તથા ચેક વિગેરેનુ પોસ્ટીંગ કરવાની કામગીરી સોપેલ હતી અને હુ પરત આવતા અમોએ ખાતાધારકોની એન્ટ્રી ચેક કરતા તા.૧૫/૦૭/૨૩ ના રોજ ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/– ઉધારીને અનિલભાઈ બળવંતભાઈ બારીઆ તેમના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ''.એ વાત ખરી છે કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે ''તા.૧૭/૦૭/૨૩ ના રોજ અમો નોકરી પર હતા તે દરમ્યાન દામીનીબેનનાઓએ રોજ બરોજના વાઉચરના આધારે ખાતાધારકની એન્ટ્રી ચેક કરતા બે એન્ટ્રીના કોઈપણ ઉધાર કે જમાના ટ્રાન્સફર વાઉચર મળેલ નહી જેથી આ અંગે જુનિયર કલાર્ક અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ ને દામીનીબેનનાઓએ સાંજના સમયે ફોન કરી પુછેલ કે શકરીબેન એમ પટેલનુ વાઉચર મળતુ નથી તેમ કહેતા જુનિયર કલાર્ક અનિલભાઈ બારીઆએ જણાવેલ કે શકરીબેન મારા સંબંધી થતા હોય તેમના ખાતામાંથી મે મારા ખાતામાં નાણાં જમા કરેલ છે''.**એ વાત ખરી નથી કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબ માં લખાવેલ કે ''એન્ટ્રી

મેનેજર દામીનીબેનના પાસવર્ડના આધારે પાસ કરેલ હોવાનું જણાવેલ જેથી અનિલભાઈ નાઓએ ગ્રાહક ના એકાઉન્ટ માંથી વાઉચર કે કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટ વગર પોતાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી દીધેલ અને તેઓએ કરેલગેરરીતી સબંધે દામીનીબેન નાઓએ અનિલભાઈ બારીઆનાઓના ઘી પંચમહાલ ડીસ્ટ્રીક કો. ઓપરેટીવ બેંક શાખામાં તપાસ કરેલી અને આ સંબંધે મેનેજર દામીની બેનનાઓએ ઉપલી કચેરીના ડીજીએમશ્રી બાલમુકુન્દ શાહ નાઓ ને જાણ કરેલી''.એ વાત ખરી નથી કે મે પોલીસ જવાબમાં એવુ લખાવેલ કે અનિલભાઈનાઓને જાણ કરતા તેઓ તેઓની ભુલ સ્વીકારી અન્ય બ્રાન્ચમાંથી પણ બીજા ગ્રાહકોના ખાતામાંથી પોતાના એકાઉન્ટમાં નાણા જમા કરેલ હોવાની હકીકત મે જાણેલી અને અનિલભાઈનાઓએ એ તમામ નાણા મળી કુલ ૧,૦૦,૦૦૦/– ઘી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક મુખ્ય હેડઓફીસ ગોધરા ખાતે તા.૨૪/૦૭/૨૩ ના રોજ જમા કરાવેલ.એ વાત ખરી નથી કે આ કામના આરોપી મારા મિત્ર થતા હોય તેઓને બચાવવા આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

ત્યારબાદ **સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ** તો, એ વાત ખરી છે કે બનાવ સમયે દામીનીબેન અમારા બ્રાન્ચના મેનેજર હતા.એ વાત ખરી છે કે દામીનીબેને ફરિયાદ કરેલ તે ફરિયાદ અમોને દામીનીબેને વંચાવેલ હતી.એ વાત ખરી છે કે દામીનીબેને અમોને જણાવેલ હતુ કે મે ફરિયાદમાં જે વિગત લખાવેલ તેવુ તમારે પોલીસને જવાબમાં લખાવવા નું છે.એ વાત ખરી છે કે બનાવના દિવસે અમો રજા ઉપર હતા જેથી બનાવ અંગે અંગત જાત માહીતી નથી.એ વાત ખરી છે કે જો બ્રાન્ચમાં કામનુ ભારણ વધારે હોય તો અમોને રજાના દિવસે પણ બેંક મેનેજર કામ કરવા બોલાવતા

હતા.એ વાત ખરી છે કે રજાના દિવસે અનિલભાઈને મેનેજર બોલાવતા ત્યારે અનિલભાઈને કામ હોય તો મેનેજર દામીનીબેન તેઓની રજા નામંજુર કરે તો અનિલભાઈ ઉપલા અધિકારીને જણાવીને પોતાની અરજી મંજુર કરાવતા હતા. એ વાત ખરી છે કે રિસેષ સમય બાદ મોડા આવવા બાબતે દામીનીબેને અનિલભાઈને મેમા આપેલા છે. એ વાત ખરી છે કે દામીનીબેન અને અનિલભાઈને કામગીરી બાબતે પહેલેથી મનદુ:ખ રહેતુ હતુ.એ વાત ખરી છે કે અમારે તથા અનિલભાઈએ સરખી કામગીરી કરવાની થતી હતી.એ વાત ખરી નથી કે અનિલભાઈએ કોઈ ઉચાપત કરેલ નથી.એ વાત ખરી નથી કે અમો અમારા ઉપલા અધિકારી ના કેસના સમર્થનમાં આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૪).** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૦ થી સાહેદ અલ્પેશભાઈ ભયલાલભાઈ વરીઆ ને તપાસવામા આવેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ''હું જાંબુઘોડા ખાતે આવેલ પી.ડી.સી. બેંકમાં પટાવાળા તરીકે બે વર્ષ જેટલી નોકરી કરી છે મને સાત મહીનાથી પી.ડી.સી.બેંકમાંથી છુટો કરેલ છે.હું જયારે બેંકમાં નોકરી કરતો હતો ત્યારે મેનેજર તરીકે દામીનીબેન તથા નિલેષભાઈ શાહ તથા વિજયભાઈ તથા અનિલભાઈ નોકરી કરતા હતા. **અનિલભાઈ કેશ સંભાળતા હતા.** પોલીસે મને કોઈ બાબતે પુછપરછ કરેલ નહી.મને પોલીસે પી.ડી.સી. બેંક બાબતે કંઈ પુછેલ નહી મે કઈ પોલીસ ને જણાવેલ નહી.આ સિવાય કંઈ જાણતો નથી તેવી હકીકત પોતાના નિવેદનથી વિરુધ્ધ ની જણાવતા સાહેદને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી પુરાવા **કલમ–**

**૧૫૪ અન્વયે સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદે જણાવેલ છે કે** ''એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ તા.૧૪/૧૨/૨૩ ના રોજ લીધેલ. **એ વાત ખરી છે કે કે તા.૧૩/૧૨/૨૩ ના રોજ દામીનીબેન હીરલભાઈ પંડયાનાઓએ અનિલભાઈ બળવંત ભાઈ બારીઆનાઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલ.એ વાત ખરી છે કે તે ફરિયાદ પોલીસે અમોને વંચાવેલ હતી.એ વાત ખરી છે કે ''તા.૧૫/૦૭/૨૩ ના રોજ ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/– ઉધારીને અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ એ તેમના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ'' તેવી વિગત અમોએ ફરિયાદમાં વાંચેલ હતી.** એ વાતની મને ખ્યાલ નથી દામીનીબેને આપેલ ફરિયાદમાં એવી હકીકત હતી તથા તે વિગત પોલીસે વાંચી સંભળાવેલ કે ''અનિલભાઈનાઓ બેંક કર્મચારી હોય અને સંપુર્ણ વિગત જાણવા છતા તેઓની જાંબુઘોડા ખાતેની બેંકિંગની ફરજ દરમ્યાન બેંકનુ તથા ગ્રાહકનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલ હોવા છતા ગ્રાહક તથાબેંક સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરેલ''.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ જવાબમાં એવુ લખાવેલ કે''તા.૧૫/૦૭/૨૩ ના રોજ કલાક ૦૨:૪૦ વાગ્યાથી ૦૪:૧૦ દરમ્યાન હું બહાર ગામ નવા ખાતા ખોલવા માટે ગયેલ અને જુનિયર કલાર્ક અનિલભાઈ બળવંતભાઈનાઓને મે પાસવર્ડ આપેલ''.એ વાત ખરી નથી કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે ''બેંકનો રોજીંદો વ્યવહાર ખાતામાં જમા ઉધાર તથા ચેક વિગેરેનુ પોસ્ટીંગ કરવાની કામગીરી સોપેલ હતી અને હુ પરત આવતા અમોએ ખાતાધારકોની એન્ટ્રી ચેક કરતા તા.૧૫/૦૭/૨૩ ના રોજ ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવિંગ એકાઉન્ટ

નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/- ઉધારીને અનિલભાઈ બળવંતભાઈ બારીઆ તેમના સેવિંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ''.એ વાત ખરી નથી કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે ''તા.૧૭/૦૭/૨૩ ના રોજ અમો નોકરી પર હતા તે દરમ્યાન દામીનીબેનનાઓએ રોજ બરોજના વાઉચરના આધારે ખાતાધારકની એન્ટ્રી ચેક કરતા બે એન્ટ્રીના કોઈપણ ઉધાર કે જમાના ટ્રાન્સફર વાઉચર મળેલ નહી જેથી આ અંગે જુનિયર કલાર્ક અનિલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ ને દામીનીબેનનાઓએ સાંજના સમયે ફોન કરી પુછેલ કે શકરીબેન એમ પટેલનુ વાઉચર મળતુ નથી તેમ કહેતા જુનિયર કલાર્ક અનિલભાઈ બારીઆએ જણાવેલ કે શકરીબેન મારા સંબંધી થતા હોય તેમના ખાતામાંથી મે મારા ખાતામાં નાણાં જમા કરેલ છે''.એ વાત ખરી નથી કે મને દામીનીબેને જણાવેલ અને તે હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલ કે ''એન્ટ્રી મેનેજર દામીનીબેનના પાસવર્ડના આધારે પાસ કરેલ હોવાનું જણાવેલ જેથી અનિલભાઈ નાઓએ ગ્રાહક ના એકાઉન્ટમાંથી વાઉચર કે કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટ વગર પોતાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી દીધેલ અને તેઓએ કરેલ ગેરરીતી સબંધે દામીનીબેનનાઓએ અનિલભાઈ બારીઆનાઓના ધી પંચમહાલ ડીસ્ટ્રીક કો.ઓપરેટીવ બેંક શાખામાં તપાસ કરેલી અને આ સંબંધે મેનેજર દામીનીબેનાઓએ ઉપલી કચેરીના ડીજીએમશ્રી બાલમુકુન્દ શાહનાઓને જાણ કરેલી''.એ વાત ખરી નથી કે મે પોલીસ જવાબમાં એવુ લખાવેલ કે અનિલભાઈનાઓને જાણ કરતા તેઓ તેઓની ભુલ સ્વીકારી અન્ય બ્રાન્ચમાંથી પણ બીજા ગ્રાહકોના ખાતામાંથી પોતાના એકાઉન્ટમાં નાણા જમા કરેલ હોવાની હકીકત મે જાણેલી અને અનિલભાઈનાઓએ એ તમામ નાણા મળી કુલ ૧,૦૦,૦૦૦/- ધી

પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક મુખ્ય હેડઓફીસ ગોધરા ખાતે તા.૨૪/૦૭/૨૩ ના રોજ જમા કરાવેલ. **એ વાત ખરી છે કે મને દામીનીબેન વાઉચર શોધવા માટે કહેતા મે વાઉચર શોધેલ પરંતુ મને શકરીબેનના ખાતામાં ટ્રાન્સફર કરેલ નાણાનુ વાઉચર મળેલ નહી.**એ વાત ખરી નથી કે આ કામના આરોપી મારા મિત્ર થતા હોય તેઓને બચાવવા આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો, એ વાત ખરી છે કે સદર કામની ફરિયાદ બાબતે અમોને કોઈ માહીતી નથી.એ વાત ખરી છે કે પોલીસે અમોને કોઈ ફરિયાદની હકીકત વાંચી સંભળાવેલ નથી.એ વાત ખરી છે કે પોલીસે અમારો કોઈ જવાબ લીધેલ નથી.એ વાત ખરી છે કે અમારા બેંકમાં ૧૫ દિવસના વાઉચરો બાંધી ને ભેગા મુકી દેવામાં આવતા હતા.એ વાત ખરી છે કે ૧૫ દિવસ બાદ દામીનીબેનને જયારે ટાઈમ મળે ત્યારે વાઉચર ચેક કરતા હતા.એ વાત ખરી છે કે વધારે વાઉચર ભેગા થઈ જાય તો કોઈ વાર એકાદ વાઉચર ના પણ મળે.એ વાત ખરી છે કે મેનેજર દામીનીબેન તથા અનિલભાઈ ને નાની મોટી વાતોમાં બોલાચાલી થતી હતી. એ વાત ખરી નથી કે અનિલભાઈએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૫).** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૨ થી સાહેદ ગોવિંદભાઈ માવસીંગભાઈ પટેલ ને તપાસવામાં આવેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,'' પોલીસે મારો જવાબ સને ૨૦૨૪ મા પહેલા મહીનામા લીધેલો. જે ફરીયાદ પી.ડી.સી. બેન્કમાં મારી મમ્મીના પૈસા હતા, તે ઉપડી ગયેલ હતા, તે બાબતની હતી. જે ફરીયાદ પી.ડી.સી. બેન્કવાળા એ

આપેલી હતી. જે અનીલભાઈ બળવંતભાઈ બારીયાનાઓ એ રૂા.૩૦,૦૦૦/- ઉપાડી લીધેલા.મને પોલીસે આ ફરીયાદ વાંચી સંભળાવેલી. મારી માતાનુ નામ શકરીબેન માવસીંગભાઈ પટેલ છે. જેઓનું દેવગઢ બારીયા પી.ડી.સી.બેન્કમાં ખાતુ હતું. મારી માતા શકરીબેન ડેરીમા દુધ ભરતી હતી, જેનો પગાર પી.ડી.સી. બેન્ક દેવગઢ બારીયામા થતો હતો. મારી માતાના ખાતાનો નંબર હાલ મને યાદ નથી. આ મારી મમ્મીના ખાતાની લેવડ દેવડ મારી માતા કરતી હતી. મારી માતા સને ૨૦૨૦ મા મરણ ગયેલા હતા. મારી માતાના ખાતામાંથી રૂા.૩૦,૦૦૦/- ઉપડી ગયાની જાણ પી.ડી.સી.બેન્ક, દેવગઢ બારીયા નાઓએ અમોને કરેલ. અનીલભાઈ મારા કોઈ સગા સંબંધી થતા નથી. હું તેઓને ઓળખતો પણ નથી. જે પૈસા ગોધરા બેન્કમા જમા કરાવેલાની હકીકત જાણેલી. મે મારી માતાના મરણનો દાખલો જાંબુઘોડા પોલીસને આપેલો. જેમા મરણ જનાર પટેલ શકરીબેન માવસીંગભાઈનુ નામ છે, અને જેમા મરણ તા.૨૬/૦૧/૨૦૨૦ ની છે, જેમા નીચે તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કાળીડુંગરી, તા. દેવ.બારીયા, જી.દાહોદનો સિકકો છે, અને તલાટીશ્રીની સહી છે, જે હુ રજુ કરૂ છું. જે રજુ દાખલ **આંક-૩૩** આપવામા આવે છે. મેં મારી માતાનું પી.ડી.સી. બેન્ક, દેવગઢ બારીયામા આવેલ ખાતાની પાસબુકની ઝેરોક્ષ પોલીસને આપેલી. જે પાસબુકમા જે ફોટો છે, તે મારી માતા શકરીબેનનો છે. જેમા શાખા મેનેજર દેવગઢ બારીયા ની સહી છે. આ ઉપરાંત મેં મારી માતાના આધાર કાર્ડની નકલ પણ આપેલી. પાસબુકમા ફોર ધ પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ. બેન્ક લી.નુ અસલ રાઉન્ડ શીલ છે, જે પાસબુકની નકલ હુ રજુ કરૂ છું, જે રજુ દાખલ **આંક-૩૪** આપવામા આવે છે. મારી માતાનુ આધાર કાર્ડની ઝેરોક્ષ હું રજુ કરૂ છું, જે ઝેરોક્ષને રજુ માર્ક **૩૨/૧** આપવામા આવે છે. આ બાબતે પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલું.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો,અમોએ પોલીસને મારી માતા શકરીબેનનું પેઢીનામુ આપેલ નથી. એ વાત ખરી છે કે, મારી માતા શકરીબેન સને ૨૦૨૦ મા મરણ ગયેલા, ત્યારથી તેમનુ પી.ડી.સી. બેન્કમા આવેલ ખાતુ બંધ હાલતમા હતું. એ વાત ખરી છે કે, મારા માતાના ખાતામા કેટલા પૈસા હતા, તે અમો જાણતા ન હતા. એ વાત ખરી છે કે, મારા માતાના પી.ડી.સી. બેન્કમા આવેલ ખાતા અંગે અમોએ કોઈ જગ્યાએ અરજી આપેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ પોલીસને વિગત લખાવતા હોય અને પોલીસ લખતી ગઈ હોય, તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, અમો અનીલભાઈ બળવંતભાઈ બારીઆ નાઓને ઓળખતા નથી. એ વાત ખરી છે કે, સદર બનાવ અંગે ડાયરેકટ અંગત કોઈ જાત માહીતી નથી તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૬).** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૫ થી પંચ સાહેદ કિર્તિસિંહ નરેન્દ્રસિંહ રાણા ને તપાસવામાં આવેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,''પોલીસે મને દોઢેક વર્ષ પહેલા પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંક જાંબુઘોડા જજ સાહેબના બંગલોની સામે બોલાવેલ અને ત્યાં મને પોલીસ વાળા સાહેબે વાંચીને સહી કરવા માટે એક કાગળ આપેલ અને તે કાગળમાં મે વાંચીને સહી કરેલ તે કાગળમાં એવુ લખવામાં આવેલ હતુ કે બારીઆ અટકવાળા માણસે જે બેંકમાં નોકરી કરતા હોય તેણે ૩૦ હજાર રૂપીયા તેમના કોઈ સગાના ખાતામાં ટ્રાન્સફર કરેલા તે બાબતનું પંચનામુ મારી રૂબરૂમાં કરવામાં આવેલુ તે પંચનામુ મને આજરોજ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર ૧ તરીકે મારી સહી છે જે ઓળખુ છુ તે પંચનામાને કામમાં રજુ દાખલ **<u>આંક–૩૬</u>** આપવામાં આવે છે.મારી સાથે પંચનામુ કરેલ તે વખતે દીલીપભાઈ વીરસીંગભાઈ બારીઆનાઓ તથા તે સિવાય

બેંકનો સ્ટાફ હાજર હતો.બેંક સ્ટાફમાં બેંકના મેનેજર તથા કેશીયર હાજર હતા તેઓના નામ મને ખબર નથી.આ સિવાય બીજું કંઈ મે લખાવેલ નથી.આ સિવાય બીજું કંઈ હું જાણતો નથી તેવી હકીકત પંચનામાથી વિરુધ્ધ ની જણાવતા સાહેદને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી પુરાવા **કલમ–૧૫૪ અન્વયે સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદે જણાવેલ છે કે** '' એ વાતની મને ખબર નથી કે આ પંચનામુ તા.૧૪/૧૨/૨૩ ના કલાક ૧૨:૪૫ થી ૧૩:૧૫ સુધી કરવામાં આવેલ.એ વાતની મને ખબર નથી કે આ પંચનામુ જાંબુઘોડા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજીસ્ટર નંબર ૩૫૩/૨૩ થી ઈ.પી.કો કલમ–૪૦૯ મુજબના ગુનાના કામે કરવામાં આવેલ હતુ.**એ વાત ખરી છે કે તે વખતે આ કામના ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયા રહેવાસી ગજાનંદ રેસીડેન્સી હાલોલનાઓ પણ હાજર હોય તેઓ આ કામની ગુનાવાળી જગ્યા બતાવેલ.એ વાત ખરી છે કે આ કામની ગુનાવાળી જગ્યા પંચમહાલ ડીસ્ટ્રીકટ કો ઓ બેંકની શાખાના મકાનમાં આવેલ હતી.**એ વાતની મને ખબર નથી કે આ મકાનનું માપ ૩૦×૧૫ ની લંબાઈ પહોળાઈ વાળુ હતુ. એ વાત ખરી છે કે તે જગ્યાએ કોમ્પ્યુટર તથા ઈલેકટ્રોનીક સાધનો ટેબલો પર પડેલ હતા જે જગ્યા કેશરૂમ હોવાનું આ કામના ફરીયાદીએ જણાવેલ હતુ.એ વાત ખરી નથી કે તે જગ્યા છોડીને બીજા કોમ્પ્યુટર તથા ઈલેકટ્રોનીક સાધનો પાછળના ભાગે ગોઠવેલ હતા ત્યાં ઈ સ્ટેમ્પીંગ તથા ચેક પોસ્ટીંગની કામગીરી થતી હોવાનું ફરીયાદીએ જણાવેલ હતુ. એ વાત ખરી છે કે આ મકાન છોડી બહારના ભાગે પુર્વે સોસાયટીનો રસ્તો આવેલ છે અને બીજી દુકાનો આવેલ છે અને પશ્ચિમે જોતા પંચમહાલ ડીસ્ટ્રીકટ કો ઓ બેંક શાખાનુ એટી એમ

આવેલ છે.એ વાત ખરી છે કે સદરહુ મકાનની દક્ષિણ બાજુ લોખંડનો શટરવાળો દરવાજો આવેલ હતો.**એ વાત ખરી છે કે આ મુજબનુ ગુનાવાળી જગ્યાનું ચર્તુસીમા દર્શાવતુ પંચનામુ કરવામાં આવેલ તે પંચનામું વાંચી સમજી અમોએ અમારી સહી કરેલી.**

ત્યારબાદ સાહેદની **બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ** તો,એ વાત ખરી છે કે પોલીસે અમોને સાક્ષી તરીકે રહેવાનું છે તેમ કહીને બોલાવેલ હતા.એ વાત ખરી છે કે અમો જયારે ગયા ત્યારે પોલીસે પંચનામુ લખેલ હતુ અને તેમાં સહી કરાવેલી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમોએ પંચનામુ વાંચેલ અને પોલીસે અમોને બેંકમાં રહેલ કોમ્પ્યુટર તથા ઈલેકટ્રોનીક સાધનો બતાવેલ હતા.એ વાત ખરી છે કે પંચનામામાં ચર્તુસીમાને લગતી કોઈ વિગત અમોએ પોલીસને લખાવેલ નથી.એ વાત ખરી છે કે બેંકમાં રહેલ કોઈ વસ્તુઓ બતાવીને પંચનામા માં અમોએ વિગત લખાવેલ નથી.એ વાત ખરી નથી કે આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૭).** ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૭ થી પંચ સાહેદ દીલીપભાઈ વીરસીંગભાઈ બારીઆ ને તપાસવામાં આવેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,'' પોલીસે મને એકાદ વર્ષ પહેલા પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંક જાંબુઘોડા જજ સાહેબના બંગલો ની સામે બોલાવેલ અમારી સાથે કિર્તીસિંહ તથા બીજા બેંકના ગ્રાહકો હાજર હતા અને બેંકનો સ્ટાફ પણ હાજર હતો.ત્યાં બેંકના સાહેબ હાજર હોય તેઓએ જણાવેલ કે અનીલભાઈ બળવંતભાઈ બારીઆનાઓ આ બેંકમાં કોમ્ પ્યુટર પર કામ કરતા હોય તેઓએ કોઈના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરેલા તે બાબતે બેંકના મેનેજર સાહેબને ખબર પડેલી અને તેની

એફ.આઈ.આર લખાવેલી તે બાબતે પંચનામામાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલી મને આજરોજ **આંક–૩૬** વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નંબર–ર તરીકે મારી સહી છે તે હું ઓળખુ છુ.આ સિવાય બીજું કઈ અમોએ લખાવેલ નથી.આ સિવાય બીજું કઈ હું જાણતો નથી તેવી હકીકત પંચનામા થી વિરુધ્ધ ની જણાવતા સાહેદને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી પુરાવા **કલમ–૧૫૪ અન્વયે સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદે જણાવેલ છે કે**'' એ વાતની મને ખબર નથી કે આ પંચનામુ તા.૧૪/૧૨/૨૩ ના કલાક ૧૨:૪૫ થી ૧૩:૧૫ સુધી કરવામાં આવેલ.એ વાતની મને ખબર નથી કે આ પંચનામુ જાંબુઘોડા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજીસ્ટર નંબર ૩૫૩/૨૩ થી ઈ.પી.કો કલમ–૪૦૯ મુજબના ગુનાના કામે કરવામાં આવેલ હતુ.**એ વાત ખરી છે કે તે વખતે આ કામના ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયા રહેવાસી ગજાનંદ રેસીડેન્સી હાલોલનાઓ પણ હાજર હોય તેઓ આ કામની ગુનાવાળી જગ્યા બતાવેલ.એ વાત ખરી છે કે આ કામની ગુનાવાળી જગ્યા પંચમહાલ ડીસ્ટ્રીકટ કો ઓ બેંકની શાખાના મકાનમાં આવેલ હતી.એ વાતની ખરી છે કે આ મકાનનું માપ ૩૦×૧૫ ની લંબાઈ પહોળાઈ વાળુ હતુ.એ વાત ખરી છે કે તે જગ્યાએ કોમ્પ્યુટર તથા ઈલેકટ્રોનીક સાધનો ટેબલો પર પડેલ હતા.એ વાત ખરી છે કે તે જગ્યા છોડીને બીજા કોમ્પ્યુટર તથા ઈલેકટ્રોનીક સાધનો પાછળના ભાગે ગોઠવેલ હતા ત્યાં ઈ સ્ટેમ્પીંગ તથા ચેક પોસ્ટીંગની કામગીરી થતી હોવાનું ફરીયાદીએ જણાવેલ હતુ.એ વાત ખરી છે કે આ મકાન છોડી બહારના ભાગે પુર્વે સોસાયટીનો રસ્તો આવેલ છે અને બીજી દુકાનો આવેલ છે અને પશ્ચિમે જોતા પંચમહાલ**

**ડીસ્ટ્રીકટ કો ઓ બેંક શાખાનુ એટીએમ આવેલ છે.એ વાત ખરી છેકે સદરહુ મકાનની દક્ષિણ બાજુ લોખંડનો શટરવાળો દરવાજો આવેલ હતો.એ વાત ખરી છે કે આ મુજબનુ ગુનાવાળી જગ્યાનું ચર્તુસીમા દર્શાવતુ પંચનામુ કરવામાં આવેલ તે પંચનામું વાંચી સમજી અમોએ અમારી સહી કરેલી.**એ વાત ખરી નથી કે પંચનામુ મારી હાજરીમાં કરવામાં આવેલ તેમ છતા આરોપીને બચાવવા આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત સ્વીકારી છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો, એ વાત ખરી નથી કે પોલીસના કહેવાથી તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી.એ વાત ખરી છે કે અમો જયારે બેંકમાં ગયા ત્યારે પોલીસે પંચનામુ લખીને તૈયાર રાખેલ હતુ.એ વાત ખરી છે કે બેંકના સાહેબે કીધા બાદ અમોએ લખેલા કાગળમાં સહી કરેલી.એ વાત ખરી છે કે પંચનામામાં  ચર્તુસીમા ને લગતી કોઈ વિગત અમોએ પોલીસને લખાવેલ નથી.એ વાત ખરી છે કે બેંકમાં રહેલ કોઈ વસ્તુઓ બતાવીને પંચનામામાં અમો એ વિગત લખાવેલ નથી.એ વાત ખરી છે કે સદર બેંકમાં કઈ જગ્યાએ કઈ વસ્તુ પડેલ છે તેવી કોઈ વિગત અમો એ પોલીસને લખાવેલ નથી.એ વાત ખરી છેકે સદર બેંકના મકાનની લંબાઈ તથા પહોળાઈ કેટલી હતી તે હું કહી શકુ નહી.એ વાત ખરી છે કે અમોએ કઈ તારીખે,કેટલા વાગ્યે પંચનામામાં  સહી કરેલ તેવી વિગત અમો જાણતા નથી.એ વાત ખરી નથી કે આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

૦૯.૦૮). ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૯ થી સાહેદ રશેષભાઈ પ્રવિણચંદ્ર શાહ ને તપાસવામા આવેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' હું ગોધરા મુકામે રહુ છુ અને પંચમહાલ ડીસ્ટ્રીકટ

કો.ઓપરેટીવ બેંક ગોધરા ખાતે ૩૧ વર્ષથી ફરજ બજાવુ છુ અને છેલ્લા ૧૫ વર્ષથી ચીફ.એકઝી.ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક જાંબુઘોડાના બ્રાંન્ચ મેનેજર શ્રીમતી દામીનીબેન પંડયાનાઓએ અમોને આંક–૧૦ વાળો લેખીતમાં રીપોર્ટ આપેલ અને તેમાં જણાવેલ કે '' ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક જાંબુઘોડા શાખાના કર્મચારી અનીલ બળવંતભાઈ બારીઆનાઓએ ખાતા ધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના સેવીંગ એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા.૩૦,૦૦૦/– ઉધારી ને પોતાના એકાઉન્ટ નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૬૯ માં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વગર ખાતેદારની જાણ કે સંમતિ વિના પોતાના ખાતામાં બેંકનુ ઈન્ટરનલ વાઉચર બનાવીને ટ્રાન્સફર કરેલા અને તે પૈસા પોતાના ઉપયોગ માટે ઉપાડી લીધેલા જેથી આ હકીકત બહાર આવતા ખાતા ધારક શકરીબેનને ટેલીફોનીક પુછપરછ કરેલ અને ત્યારબાદ બ્રાન્ચમાં રૂબરૂ બોલાવેલા અને પૈસા ટ્રાન્સફર થયેલા છે તે બાબતે તમારી સંમતિ છે કે કેમ તે બાબતે પુછતા શકરીબેને આવી કોઈ સંમતિ નહી આપેલાનું તેમજ તેઓને આ બાબતની કોઈ જાણ નથી તેવુ જણાવેલ. તદઉપરાંત બેંકિંગ રેગ્યુલેશન એકટ પ્રમાણે કોઈપણ ખાતાધારકના ખાતામાં ખાતાનો જમા બેલેન્સમાંથી ઉધાર કોઈ પણ નાણાંકીય વ્યવહાર નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ એટલે કે વિડ્રોલ ફોર્મ અથવા બેંકે ખાતા ધારકને ઈસ્યુ કરેલ ચેકબુકના ચેકથી જ કોઈપણ નાણાંકીય ઉધાર વ્યવહાર એટલે કે નાણાનો ઉપાડ કે કોઈના પણ ખાતામાં ટ્રાન્સ્ફર કરી શકાય છે જે કાયદાના અને નિતિનિયમોનો ઉલ્લંઘન અને ભંગ થયેલાનું જણાઈ આવેલ. ત્યારબાદ આરોપી અનીલભાઈ બારીઆના બેકિંગ ફરજ કાર્યકાળ દરમ્યાન બેંકની જેટલીપણ શાખામાં જે કામગીરી કરેલ તેની અમારા બેંક ના સ્ટાફ ધ્વારા તમામ તપાસો કરવામાં

આવેલી તેમાં બેંકને તેમના આ અપ્રમાણિક ઈરાદાથી કરેલ કામગીરી અને જાંબુઘોડા શાખામાં તેઓએ ઉપર મુજબ કરેલ ઉચાપાતને કારણે કરવામાં આવેલ તેવી વિગત જણાઈ આવેલી  જેમાં અનીલભાઈ પી.ડી.સી.બેંકની અડાદરા શાખામાં ફરજ બજાવતા હતા તે  દરમ્યાન પણ રૂા.૬૨,૦૦૦/–ની આ પ્રમાણેની ઉચાપત કરેલ અને આ મુજબનુ ટ્રાન્જેશકન કરેલ અને પોતાના ખાતામાં જમા કરેલા અને પોતાના ઉપયોગ માટે ઉપાડી લીધેલ તેવુ જણાઈ આવેલ હતુ તેમા પણ ખાતેદારોની સંમતિ કે બેંક રુલ્સ મુજબ કોઈ વિડ્રોલ ફોર્મે કે ચેક વિનાના ટ્રાન્જેકશન કરેલા અને નાણાકીય ઉચાપત કરેલ.ત્યારબાદ અનીલભાઈ બળવંત ભાઈ બારીઆનાઓએ આ તમામ નાણાકીય ઉચાપત રૂા.૯૨,૦૦૦/– જેનુ વ્યાજ રૂા.૮,૦૦૦/– મળી કુલ રૂા.૧,૦૦,૦૦૦/– બેંકમાં જમા કરાવેલા તે બાબતે તપાસ કરનાર અધિકારીએ અમારી ઓફીસમાં પત્રકમાં જાવક નંબર ૩૫૮૧/૨૦૨૩ તા. ૧૫/૧૨/૨૦૨૩ ના રોજ માહીતી માંગેલ તે માહીતી બાબતે અમોએ તા. ૧૬/૧૨/૨૦૨૩ ના રોજલીગલ/૬૯/૩૬ થીઅમારીબેંકના લેટર પેડ ઉપર માહીતી આપેલી તે અસલ રીપોર્ટ અમો એ પોલીસને તપાસના  કામે રજુ કરેલ તેમાં ચીફ એકઝી.ઓફીસર તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ તે રીપોર્ટ હું આજરોજ રજુ કરુ છુ જે અસલ રીપોર્ટને  કામમાં રજુ દાખલ **<u>આંક–૪૦</u>** આપવામાં આવે છે.સદર રીપોર્ટમાં અમોએ આરોપીએ ઉચાપતની કુલ રૂા.૯૨,૦૦૦/– તેનુ વ્યાજ રૂા.૮,૦૦૦/– મળી કુલ રૂા.૧,૦૦,૦૦૦ /– તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ બેંકમાં જમા કરાવેલ તેવી હકીકત જણાવેલી. બનાવ બાબતે તપાસ કરનાર અમલદારે મારો જવાબ લીધેલ.હું આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે તેવી હકીકત જણાવી છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ

તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો, એ વાત ખરી છે કે સદર કામે અમોએ બ્રાંન્ચમાં જઈને તપાસ કરેલ નથી.એ વાત ખરી નથી કે અમોએ જાતે જઈને તપાસ કરેલ ન હોય કેસ બાબતમાં અંગત જાત માહીતી ન હોય.એ વાત ખરી છે કે અમારી બેંક બેંકીંગ રુલ્સ મુજબ કામ કરતી હોય છે.એ વાત ખરી નથી કે બેંકીંગ રુલ્સ રેગ્યુલેશન મુજબ ખાતમાંથી ટ્રાન્જેકશનનો વ્યવહાર બેંકનો મેનેજર તથા એકાઉટન્ટ કેશીયર ધ્વારા કરવાનો હોય છે.

**સવાલ:–** બેંકમાં એક ખાતેદારથી બીજા ખાતેદારના ખાતામાં નાણા ટ્રાન્સફર કરવા માટે બેંકના મેનેજર તથા કેશીયરના આઈ.ડી. પાસવર્ડ ની જરુર પડતી હોય છે ?

**જવાબ:–**નાણાના ટ્રાન્સફર માટે કેશીયરના પાસવર્ડની જરુર પડતી હોતી નથી નાણા ટ્રાન્સફર કરતી વખતે મેકર અને ચેકરના પાસવર્ડની જરુર પડતી હોય છે.

ખાતેદાર શકરીબેનનાઓને પૈસાની રકમ ઉપાડ તથા ટ્રાન્સફર બાબતે તેમની સંમતિ હતી કે કેમ તે બાબતે તેઓની પુછપરછ જાંબુઘોડા પી.ડી.સી.બેંકના મેનેજર દામીનીબેન પંડયા ધ્વારા તેમની પુછપરછ કરવામાં આવેલ હતી.એ વાત ખરી છે કે અમોએ મેનેજર દામીનીબેન ધ્વારા કરવામાં આવેલ રીપોર્ટ તથા બેંકના રેકર્ડ આધારે સદર આરોપીએ ગુનો કરેલ છે તેવુ અમોને જણાઈ આવેલ હતુ. શકરીબેનનુ નિવેદન મેનેજર દામીનીબેનનાઓએ લીધેલ હતુ કે કેમ તે અમોને હાલમાં જાણમાં નથી.એ વાત ખરી છે કે અમોએ સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદારને આંક–૪૦ થી રજુ દસ્તાવેજ સિવાય અન્ય કોઈ દસ્તાવેજ તપાસ કરનાર અમલદારનાઓને આપેલ નથી.

**સવાલ:–** આંક–૪૦ થી રજુ રીપોર્ટમાં આ કામના આરોપી અનીલભાઈ

બળવંતભાઈ બારીઆનાઓએ કયા બ્રાંન્ચમાંથી અને કોના ખાતામાંથી કેટલી રકમની ઉચાપત કરેલ તેની વિગત જણાવેલ નથી ?

**જવાબ:–**તપાસ કરનાર અમલદારનાઓએ અમોને માત્ર ઉચાપતની રકમ પરત આવેલી છે કે કેમ તેની વિગત માંગેલી હતી તે બાબત સંદર્ભમાં અમોએ તપાસ કરનાર અમલદારનાઓને સદર રીપોર્ટ આપેલ હતો.

**સવાલ:–** સદર આંક–૪૦ વાળા રીપોર્ટમાં તમોએ કયા દસ્તાવેજના આધારે રીપોર્ટ તૈયાર કરેલ તેની વિગત જણાવેલી નથી ?

**જવાબ:–** બેંકમાં રકમ જમા આરોપી અનીલભાઈ બળવંતભાઈ બારીઆ દ્વારા કરાવ્યા હોવાનું બેંકના લીગલ વિભાગ દ્વારા ખાતરી કરાવી અને આ રીપોર્ટ તૈયાર કરી કરાવી અમોએ આપેલ હતો.

એ વાત ખરી નથી કે અનીલભાઈનાઓએ ઉચાપત કરેલ તેની તપાસ અમારા બેંકના લીગલડીપાર્ટમેન્ટદ્વારા કરવામાં આવેલ સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે બેંકના જાંબુઘોડા શાખાના મેનેજરના રીપોર્ટ તથા રજુ દસ્તાવેજના આધારે તપાસ કરવામાં આવેલ હતી.એ વાત ખરી છે કે સદર કામની એફ.આઈ.આર થઈ એ પહેલા દામીનીબેન દ્વારા તપાસ કરવામાં આવેલ હતી.બેંકના મેનેજર દામીનીબેન દ્વારા સદર કામે બનાવ બન્યાના ૪ મહીના અને ૧૬ દિવસ બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવેલ તે બાબતે ફરિયાદ મોડી દાખલ કરવા અંગે અમોને કોઈ ખુલાસો કરેલ નથી.એ વાત ખરી નથી કે દિવસ દરમ્યાન જે ટ્રાન્જેકશન બ્રાંન્ચમાં થયેલા હોય તે અંગે બ્રાંન્ચ મેનેજરે હેડ ઓફીસ રીપોર્ટ કરવાનો થતો હોય છે.એ વાત ખરી નથી કે અનીલભાઈનાઓની રજા બેંકના મેનેજર દામીનીબેન દ્વારા નામંજુર કરવામાં આવતા અનીલભાઈનાઓએ અમારી પાસે આવી રીપોર્ટ મંજુર કરાવેલા હતા.એ વાતની મને જાણ નથી કે દામીનીબેન તથા અનીલભાઈ વચ્ચે નાની મોટી બાબતોમાં વારંવાર વિખવાદ થતા હતા.

એ વાત ખરી છે કે અમારી બેંકના ડેપ્યુટી મેનેજર બાલમુકુન્દભાઈ શાહ ધ્વારા જાંબુઘોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નંબર૧૮૯ /૨૦૨૪ થીઈ.પી.કો.કલમ–૪૦૯,૪૭૧,૧૨૦(બી) વિગેરે ગુનાના કામે આશરે રૂા. ૧,૨૧,૩૫,૦૦૦/–ની ઉચાપતની ફરિયાદ આરોપી (૧) દામીનીબેન પંડયા (૨) નિલેશભાઈ શાહ (૩) વિપુલભાઈ નટુભાઈ સોંલંકી તથા અન્ય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવેલ છે. એ વાત ખરી છે કે જાંબુઘોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટ્રેશનનંબર ૧૮૯/૨૦૨૪ ગુનો બનતા આરોપી (૧) દામીનીબેન પંડયા (૨) નિલેશ ભાઈ શાહ (૩) વિપુલભાઈ નટુભાઈ સોંલંકીનાઓને બેંકમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે અમોએ દામીનીબેનના રીપોર્ટના આધારે તથા અમારી સમક્ષ રજુ થયેલ દસ્તાવેજોના આધારે રીપોર્ટ તૈયાર કરેલ છે અમોએ બેંકની બ્રાંન્ચ માં રૂબરૂમાં જઈને તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે અમોએ પોલીસને રીપોર્ટ આપેલ તે આધારે પોલીસે અમારુ નિવેદન લીધેલ હતુ.એ વાત ખરી છે કે અમારે કોઈ દિવસ પોલીસ સ્ટેશન જવાનુ બનેલ નથી.એ વાત ખરી નથી કે પોલીસે માત્ર અમારા રીપોર્ટના આધારે જાતે નિવેદન લખી લીધેલ હતુ.એ વાત ખરી છે કે અમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં ''દામીનીબેનનાઓ એ અમોને લેખીતમાં રીપોર્ટ કરેલ'' તેવી વિગત જણાવેલ નથી.એ વાત ખરી છે કે અમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં '' અનીલભાઈનાઓ એ ઈન્ટરનલ વાઉચર બનાવેલ'' તેવી વિગત જણાવેલ નથી.એ વાત ખરી છે કે અમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે ''જેથી આ હકીકત બહાર આવતા ખાતા ધારક શકરીબેન ને ટેલીફોનીક પુછપરછ કરેલ અને ત્યારબાદ બ્રાન્ચમાં રૂબરૂ બોલાવેલા અને પૈસા ટ્રાન્સફર થયેલા છે તે બાબતે તમારી સંમતિ છે કે કેમ તે બાબતે પુછતા શકરીબેને આવી કોઈ સંમતિ નહી આપેલાનું તેમજ તેઓને આ બાબતની કોઈ જાણ નથી તેવુ

જણાવેલ''.એ વાત ખરી છે કે અમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી વિગત જણાવેલ નથી કે ''તદઉપરાંત બેંકિંગ રેગ્યુલેશન એકટ પ્રમાણે કોઈપણ ખાતાધારકના ખાતામાં ખાતાનો જમા બેલેન્સમાંથી ઉધાર કોઈ પણ નાણાંકીય વ્યવહાર નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ એટલે કે વિડ્રોલ ફોર્મ અથવા બેંકે ખાતા ધારકને ઈસ્યુ કરેલ ચેકબુકના ચેકથી જ કોઈપણ નાણાંકીય ઉધાર વ્યવહાર એટલે કે નાણાનો ઉપાડ કે કોઈના પણ ખાતામાં ટ્રાન્સ્ફર કરી શકાય છે જે કાયદાના અને નિતિ નિયમોનો ઉલ્લંઘન અને ભંગ થયેલાનું જણાઈ આવેલ''. એ વાત ખરી છે કે અમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી વિગત લખાવેલ નથી કે ''આરોપી અનીલભાઈ બારીઆના બેકિંગ ફરજ કાર્યકાળ દરમ્યાન બેંકની જેટલી પણ શાખામાં જે કામગીરી કરેલ તેની અમારા બેંકના સ્ટાફ ધ્વારા તમામ તપાસો કરવામાં આવેલી તેમાં બેંકને તેમના આ અપ્રમાણિક ઈરાદાથી કરેલ કામગીરી અને જાંબુઘોડા શાખામાં તેઓએ ઉપર મુજબ કરેલ ઉચાપાત ને કારણે કરવામાં આવેલ તેવી વિગત જણાઈ આવેલી''. એ વાત ખરી નથી કે અનીલભાઈનાઓએ કહેવાતી કોઈ ઉચાપત કરેલ નથી. એ વાત ખરી નથી કે દામીનીબેન તથા અનીલભાઈ નાઓએ વચ્ચે વિખવાદ હોય જેથી અનીલભાઈનાઓને ખોટી રીતે ફસાવવા દામીનીબેનનાઓએ ખોટી ફરિયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે અમો દામીનીબેનના ફરિયાદ ના સમર્થનમાં આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ તેવી હકીકત જણાવેલ છે.

**૦૯.૦૯).** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૪૨ થી તપાસ કરનાર અમલદાર સાહેદ પ્રહલ્લાદસિંહ રણુભા ચુડાસમા ને તપાસવામા આવેલા છે.તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,''હું તા.૦૬/૦૭/૨૦૨૩ થી જાંબુઘોડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ તરીકે મારી ફરજ બજાવુ છુ. તા.૧૩/૧૨/૨૦૨૩ ના રોજ જાંબુઘોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.

૩૫૩/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૪૦૯ મુજબની ફરીયાદ દામીનીબેન હીરલભાઈ પંડયા રહેવાસી હાલોલ ગજાનંદ રેસીડેન્સી મકાન નંબર એ ૧૨ હાલોલ જી.પંચમહાલનાઓએ આરોપી અનીલભાઈ બળવંતભાઈ બારીઆ રહેવાસી ન્યુ પંચવટી સોસાયટી આઈ ટી આઈ પાછળ દાહોદ રોડ ગોધરાનાની વિરૂધ્ધમાં ફરીયાદ આપેલી જે ફરીયાદની ટુંકમાં હકીકત એવી હતી કે, આરોપી અનીલભાઈનાઓ પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક જાંબુઘોડા શાખામાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા અને તેઓની ફરજ દરમ્યાન તેઓની બેંકની કામગીરી દરમ્યાન તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ ફરીયાદીનો પાસવર્ડ મેળવી બેંકના ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના ખાતામાંથી રૂપીયા ૩૦,૦૦૦/–પોતાના ખાતામાં જમા કરી ખાતા ધારક તથા સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરેલો તે મુજબની ફરીયાદના આધારે પી.એસ.ઓએ ગુનો રજીસ્ટર કરી મારા રૂબરૂની ફરીયાદ નોંધેલ તે ફરીયાદની આગળની તપાસ અમોએ જાતે સંભાળેલી મને આંક–૧૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે તે જ છે તેમાં ફરીયાદી દામીની બેન હીરલભાઈ પંડયાનાઓની સહી છે તેમજ રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ.તપાસના કામે અમોએ પંચ (૧) કિર્તિસિંહ નરેન્દ્રસિંહ રાણા રહેવાસી ભીલડુંગરા તા.જાંબુઘોડા (૨) દીલીપભાઈ વીરસીંગભાઈ બારીઆ રહેવાસી કરા તા.જાંબુઘોડાનાઓની હાજરીમાં તથા આ કામના ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયાનાઓની હાજરીમાં ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યા પી.ડી.સી.બેંક જજ બંગ્લોઝની સામે જાંબુઘોડા ખાતે બતાવેલ તે મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોના જોયા લખાવ્યા મુજબનુ અમો એ કરેલ તેમાં બંને પંચો તથા રૂબરૂ તરીકે મારી સહી છે.મને આજરોજ રેકર્ડમાંથી આંક–૩૬ વાળું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ પંચનામુ છે.ત્યારબાદ

તપાસના કામે બેંકના કર્મચારીઓના નિવેદનો લીધેલા તેમજ તપાસના કામે ખાતા ધારક શકરીબેન માવસીંગભાઈનાઓ મરણ ગયેલ હોય તેમના દીકરા ગોવિંદભાઈ માવસીંગભાઈનુ નિવેદન લીધેલ જેમાં તેઓએ તેમની માતા શકરીબેન મરણ ગયેલાની હકીકત જણાવેલી અને શકરીબેનના ખાતામાંથી રૂા.૩૦,૦૦૦/– ટ્રાન્સફર થયેલાની હકીકત જણાવેલી તેમજ શકરીબેનના મરણનુ પ્રમાણપત્ર રજુ કરેલુ મને આંક–૩૩ વાળું મરણનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે તે તે જ છે જે અમોએ સાહેદ પાસેથી મેળવેલુ.ત્યારબાદ તપાસના કામે આરોપી અનીલભાઈની ટ્રાન્સફર વોરંટના આધારે કાલોલ કોર્ટના ગુનામાં સંડોવાયેલ હોય ત્યાંથી તેઓની કસ્ટડી મેળવેલ આ કામે અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલા.સદર કામે તપાસ કરતા આરોપીએ પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકની બીજી શાખામાંથી અન્ય ખાતા ધારકોના પણ પૈસા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરેલા તે કુલ રૂા. ૧,૦૦,૦૦૦/–મુખ્ય બ્રાન્ચ ગોધરા ખાતે જમા કરાવેલા તે બાબતે બેંક મેનેજરશ્રી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ગોધરા  ખાતે માહીતી માટે એક યાદી લખેલ તે યાદીમાં રૂા.૧,૦૦,૦૦૦/– જમા કરાવેલા તે બાબતની વિગતો માંગેલી મને જાવક ક્રમાંક ૩૫૮૧/૨૦૨૩ પોલીસ સબ ઈન્સ્પેકટર જાંબુઘોડાની તા.૧૫/૧૨/૨૦૨૩ ની યાદી બતાવવામાં આવે છે તે યાદીમાં પી.ડી.સી.બેંક ગોધરામાં રીસીવ કરનાર ડી.એચ. શાહ નાઓની સહી છે તેમજ મોકલનાર તરીકે મારી સહી છે તે હુ ઓળખુ છુ જે યાદી હું રજુ કરુ છુ તેને કામમાં રજુ દાખલ **આંક–૪૩** આપવામાં આવે છે.તપાસના કામે ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયાનાઓએ ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ તથા આરોપી અનીલભાઈનાઓનુ બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ.મને આંક–૧૩ થી રજુ શકરીબેનના ખાતાનુ સ્ટેટમેન્ટ તથા આંક–૧૪ થી રજુ આરોપી અનીલભાઈ બળવંત સિંહનાઓનું  ખાતાનુ સ્ટેટમેન્ટ બતાવવામાં

આવે છે તે તે જ છે તેમજ આરોપી અનીલભાઈનાઓ કલાર્ક તરીકે જાંબુઘોડા પી.ડી.સી.બેંકના ફરજ બજાવતા હતા તેનો નિમણુંકપત્ર તથા નોકરીની વિગત દર્શાવતુ પત્રક  જેવા ફરીયાદને લગતા દસ્તાવેજો રજુ કરેલા આમ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.આરોપીને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલી ઉલટ તપાસમા સાહેદે સ્વીકારેલી હકીકતો જોઈએ તો,એ વાત ખરી છે કે સદર ગુના જેવી જ અન્ય ગુનાની ઉચાપતની તપાસ અમોએ કરેલી છે.

સવાલ:– સદર ગુનાની તપાસ અગાઉ તમોએ બેંકના કર્મચારીની જવાબદારી તથા બેંકના રુલ્સ રેગ્યુલેશન વિશે માહીતી મેળવેલી ?

જવાબ:– સદર ગુનાના કામે ફરીયાદીએ બેંકના કર્મચારીની ફરજની જવાબદારી અંગે જણાવેલ છે તથા બેંકના રુલ્સ રેગ્યુલેશન વિશે મૌખિક માહીતી આપેલ છે.

એ વાત ખરી છે કે બેંકના ફરીયાદીએ બેંકના કર્મચારીની જવાબદારી તથા બેંકના રુલ્સ રેગ્યુલેશન વિશે માહીતી  આપેલી તે અમોએ સાચી માનેલ હતી. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી દામીનીબેન જયારે ફરીયાદ લખાવા આવેલા ત્યારે તેઓએ અમોને ફરીયાદ સાથે બેંક એકાઉન્ટ ને લગતા સ્ટેટમેન્ટ તથા અન્ય કેસને લગતા કાગળો અમોને ફરીયાદ સાથે આપેલ ત્યારે અમોએ તેમની પાસેથી સદર દસ્તાવેજો લઈ લીધેલા. એ વાત ખરી છે કે સદર ફરીયાદી એ ફરીયાદ સાથે રજુ કરેલ દસ્તાવેજો ચાર્જશીટ સાથે અમોએ રજુ કરેલા.

સવાલ:–આ કામના ફરીયાદી દામીનીબેને તેમની ફરીયાદ ની સાથે જે દસ્તાવેજો રજુ કરેલા તે દસ્તાવેજોની તમોએ તપાસ અને ખરાઈ

કરેલ કે કેમ ?

જવાબ:–ફરીયાદીશ્રી બેંકના કર્મચારી હોય અને સહી સીકકા સાથેના દસ્તાવેજો ખરાઈ સાથે રજુ કરેલ હોય જેથી અમોને ખરાઈ કરવાની જરુર જણાયેલ નહી.

એ વાત ખરી છે કે આ કામના ફરીયાદીએ ફરીયાદ વિલંબથી દાખલ કરવાનું કારણ ફરીયાદમાં દર્શાવેલ ન હતુ. સદર ગુનાના કામે શકરીબેનનુ એકાઉન્ટ ચાલુ હાલતમાં હતુ કે કેમ તે અંગે અમોએ તપાસ કરેલ હતી. હું ફરીયાદીએ રજુ કરેલ બેંક સ્ટેટમેન્ટના આધારે કહુ છું કે શકરીબેનનું એકાઉન્ટ ચાલુ હતુ. એ વાત ખરી છે કે અમોએ બેંકમાં રૂબરૂમાં જઈને એકાઉન્ટ ચાલુ હતુ કે કેમ તે બાબતે તપાસ કરેલ નથી.સદર ગુનાના કામે શકરીબેનનુ પેઢીનામુ મેળવેલ નથી.એ વાત ખરી નથી કે ગોવિંદભાઈ માવસીંગભાઈ પટેલ શકરીબેન ના કાયદેસરના વારસદાર છે કે કેમ તે બાબતે આધાર પુરાવો મેળવેલ નથી.એ વાત ખરી છે કે સદર શકરીબેનના એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી લીધેલ તે બાબતે શકરીબેનના ઘરના કોઈએ કોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ નથી.

સવાલ:– સદર ગુનાના કામે તમોએ કોઈ સાયબર ગુનાના એકસપર્ટની સલાહ કે મદદ લીધેલ છે કે કેમ ?

જવાબ:–સદર ગુનાના આરોપી પોતે બેંકના કર્મચારી હોય અને તેઓને સોપેલ ફરજ દરમ્યાન તે જ બેંકમાંથી કોઈપણ આધાર વગર સાહેદના બેંક ખાતામાંથી પોતાના બેંક ખાતામાં નાણા નાખી ઉચાપત કરેલ હોય સાયબર એકસપર્ટની સલાહ લેવાની જરુર લાગેલ ન હતી.

બેંકના નિયમ મુજબ તેમના બેંકના બ્રાંન્ચની અંદર ઉચાપતનો બનાવ બને ત્યારે તેના ડેપ્યુટી જનરલ મેનેજર ધ્વારા ખાતાકીય તપાસ કરવામાં આવતી હોય છે કે કેમ તે અંગે અમો જાણતા નથી.એ વાત ખરી છે કે સદર

ગુનાના કામે  બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર બાલમુકુન્દ શાહનુ નિવેદન લેવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે કહેવાતા બનાવના દિવસે બેંકના વાઉચર તથા ટ્રાન્ઝેકશન રીપોર્ટ તપાસના કામે મેળવેલ નથી.એ વાત ખરી છે કે બેંકમાં એક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરતી વખતે બેંકના કેશીયર તથા બેંકના મેનેજરના પાસવર્ડની જરુર પડતી હોય છે.બેંકીંગ રુલ્સ અને રેગ્યુલેશન મુજબ એકાઉન્ટમાં પૈસા જમા કરવા તથા ટ્રાન્સફર કરવા વિગેરેની જવાબદારી કેશીયરની હોય છે કે કેમ તે અંગે અમો જાણતા નથી.**સદર બનાવ બનેલ ત્યારે આ કામના આરોપી પી.ડી.સી.બેંક જાંબુઘોડા શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા.**બેંકના જુનીયર કલાર્કની જવાબદારીઓમાં માત્ર એકાઉન્ટ ખોલવાનું તથા ખાતાધારકો ને માહીતગાર કરવાનું તથા લોન રીકવર કરવાની જ માત્ર જવાબદારી હોય છે કે કેમ તે અમો જાણતા નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે  તેઓને બેંક મેનેજર જે કામગીરી સોપે તે કરવાની હોય છે.**એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી દામીનીબેન તથા આરોપી અનીલભાઈ વચ્ચે સદર ફરીયાદ દાખલ થઈ તે અગાઉ નાની મોટી બાબતમાં ઘર્ષણ થતુ હતુ તેવુ અમારા તપાસમાં ખુલવા પામેલ હતુ.એ વાત ખરી નથી કે આ કામના સાહેદોએ માત્ર તેઓને ફરીયાદીએ બનાવની જાણ કરેલ તે આધારે જ તેઓના નિવેદનો લખાવેલા છે.**એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરુપ અમોએ જાતે લખી લીધેલ હતા. એ વાતખરી નથી કે તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલી.એવાત ખરી નથી કે બેંકના અધિકારીઓએ આરોપીને દબાણમાં લાવીને ખોટી રીતે ૧,૦૦,૦૦૦/- જમા લેવડાવેલ હતા.એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ કહેવાતી કોઈ ઉચાપત કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદીને આરોપી સાથે અણબનાવ હોય તેમને ખોટી રીતે ફસાવવા ફરીયાદ

આપેલ છે.એ વાત ખરી નથી  કે અમોએ સદર ગુનાના કામે માત્ર ફરીયાદી બેંક કર્મચારી હોય તેઓની ફરીયાદ સાચી જ હોય તે આધારે તપાસ કરેલ છે.એ વાત ખરી નથી કે સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ ન હતા.એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા નામદાર કોર્ટમાં ખોટુ ચાર્જશીટ દાખલ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે.

**૧૦).** હવે, આ કામે જોવામાં આવે તો ફરીયાદ પક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯ મુજબના ગુનાના આચરણનો આક્ષેપછે. જેથી સૌ પ્રથમ આઈ.પી.સી.કલમ–૪૦૯ બાબતે વિચારણા કરીએ તો, નામદાર સુપ્રિમ કોર્ટે **કૈલાશકુમાર સનવાતીયા વિરુધ્ધ બિહાર રાજ્ય અને બીજાઓ**નાં કેસનાં ચુકાદામાં એવુ નિરીક્ષણ કરેલ છે કે –

Section 409 IPC deals with criminal breach of trust by public servant, or by banker, merchant or agent. In order to bring in application of said provision, entrustment has to be proved. In order to sustain conviction under Section 409, two ingredients are to be proved. They are:

(1) the accused, a public servant, or banker or agent was entrusted with property of which he is duty bond to account for; and

(2) the accused has committed criminal breach of trust.

What amounts to criminal breach of trust is provided in Section 405 IPC. Section 409 is in essence criminal breach of trust by a category of persons. The ingredients of the offence of criminal breach of trust are: -

(1) Entrusting any person with property, or with any dominion over property.

(2) The person entrusted (a) dishonestly misappropriating or converting to his own use that property; or (b) dishonestly using or disposing of that property or willfully

suffering any other person so as to do in violation –

(i) of any direction of law prescribing the mode in which such trust is to be discharged; or

(ii) of any legal contract made touching the discharge of trust.

The basic requirement to bring home the accusations under Section 405 are the requirements to prove con-jointly (1) entrustment and (2) whether the accused was actuated by the dishonest intention or not misappropriated it or converted it to his own use to the detriment of the persons who entrusted it. As the question of intention is not a matter of direct proof, certain broad tests are envisaged which would generally afford useful guidance in deciding whether in a particular case the accused had mens rea for the crime.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અનુસાર આરોપી કલમ– ૪૦૯ ની વ્યાખ્યા અનુસાર કર્મચારી, એજન્ટ, બેંકર હોવા જોઈએ અને આવા કર્મચારી, બેંકર, એજન્ટ વિગેરેને વાસ્તવમાં <u>મિલકતની સોંપણી</u> થયેલી હોવી જોઈએ. આથી આ બન્ને પરિબળો અસ્તિત્વમાં છે કે કેમ તે અંગે ફરીયાદ પક્ષે રજુ રાખેલા પુરાવાઓ અવલોકવામાં આવે તો, આ કામના આરોપી અનિલભાઈ બળવંતભાઈ બારીઆ જાંબુઘોડા ખાતે ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ખાતે ફરજ બજાવતા હતા અને તેમની ફરજ દરમ્યાન આરોપીએ શકરીબેન માવસીંગભાઈ પટેલના બેંક ખાતામાંથી પોતાના ખાતામા રુા. ૩૦,૦૦૦/– બેંક ખાતા ધારક શકરી બેન ની સંમતિ કે કોઈપણ જાતના ઉપાડ વાઉચર, ચેક વિગેરે વગર ટ્રાન્સફર કરી બેંક સાથે તથા ગ્રાહક સાથે વિશ્વાસઘાત કરી ઉચાપત કરેલ હોવાનો આરોપ છે. તે અન્વયે જોઈએ તો, પ્રથમતો હાલનો ગુન્હો સંપૂર્ણ રીતે દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રહે તે મતલબ નો ગુન્હો

છે. ત્યારે આરોપી તેવી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક નો કર્મચારી હતો અને બનાવ સમયે તેવી બેંકના કર્મચારી તરીકેની પોતાની ફરજ બજાવતો હતો કે કેમ તે હકીકત પુરવાર થવી જરુરી બની જાય છે. ફરીયાદ પક્ષે ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયા નાઓ ને આંક-૯ થી તપાસવામા આવેલા છે. સાહેદના મૌખિક પુરાવામા આંક-૧૫ થી આોપી અનિલભાઈ બળવંતભાઈ બારીઆને બેંકમા ફરજ માટે નિયુકત કરવામાં આવેલા તે બતાવતો નિમણૂંક પત્ર આંક-૧૫ થી રજુ કરેલો છે તેમજ આરોપીની સદર નિયુકિત શરુઆતના સમયગાળામા નિયમો મુજબ પ્રોબેશન ઉપર હતી તે બતાવતો પ્રોબેશન ઓર્ડર આંક-૧૬ થી પોતાના પુરાવામાં રજુ કરેલ છે.

હવે રજુ થયેલ આંક-૧૫ નો રેકર્ડ ઉપરનો આરોપીની નિમણૂંક નો પત્ર જોઈએ તો, ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. હેડ ઓફીસ પ્રભા રોડ,ગોધરાના લેટરપેડ ઉપર નો કાર્યાલય આદેશ છે જે જોતા બેંકની અડાદરા શાખામા અનિલકુમાર બળવંતભાઈ બારીઆ ને તા. ૧૫-૦૧-૨૦૨૧ નારોજ જુનીયર કલાર્ક તરીકેની કામગીરી માટે તા. ૧૫-૦૧-૨૦૨૧ થી તા. ૧૪-૧૨-૨૦૨૧ સુધી ૧૧ માસ માટે કરાર આધારીત કામગીરી  તેમા જણાવેલી શરતો ને આધીન રહી કરવા  માટે  બેંકની બેંક ઓફ ડીરેકટર્સની તા. ૨૮-૧૨-૨૦૨૦ ના રોજ મળેલી મીટીંગના ઠરાવ નં.૧૪ આધારે  સોંપવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. તેમજ સદર આરોપીને સોંપવામા આવેલી જુનીયર કલાર્ક તરીકેની કામગીરી માટે તેઓને પ્રોબેશન ઉપર શરતોને આધીન લેવામા આવેલા તેમજ તા. ૦૧/૧૨/૨૦૨૨ ની અસરથી બીજો હુકમ ન થાય ત્યા સુધીનો પ્રોબેશન (અજમાયશી) સમયગાળો રહેશે તેવી હકીકત રજુ થયેલ આંક -૧૬ ના આરોપી અનીલકુમાર બળવંતભાઈ બારીઆના પ્રોબેશન હુકમ ઉપરથી સ્પષ્ટ થાય છે. આમ, સદર આંક-૧૫ તથાઆંક -૧૬ ના બંને પુરાવા જોતા

તે ખરી નકલો છે તેમજ બેંક પબ્લીક સેકટર સાથે સંકળાયેલી જાહેર સંસ્થાના રેકર્ડમાથી રજુ થયેલા છે ત્યારે સદર દસ્તાવેજો ઉપરથી આરોપી અનિલકુમાર બળવંતભાઈ બારીઆને ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ની અડાદરા શાખામા જુનિયર કલાર્ક તરીકે શરતોને આધિન અજમાયશી ધોરણે નિમણૂંક આપવામા આવેલી તે હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે. વધુમાં બેંક એ પબ્લીક સેકટર સાથે સંકળાયેલી સંસ્થા છે તેમજ બેંકની કામગીરીમા મુખ્યત્વે નાણાંકીય વ્યવહારો જ હોય છે તે સર્વસામાન્ય બાબત છે ત્યારે બેંકમા થતા નાણાંકીય વ્યવહારો સબંધી કામગીરી કરવા માટે જ આરોપીની જુનીયર કલાર્ક તરીકે નિમણૂંક કરવામાં આવેલી હોય તે પણ સર્વ સામાન્ય સમજી શકાય તેવી હકીકત છે. વધુમાં આંક-૧૬ નો પ્રોબેશન ઓર્ડર જોતા તેમા શરત નં.પ વંચાણે લઈએ તો **બેંકની તમામ પ્રકારની બેંકીંગ અને ક્ષેત્રિય કામગીરી જેવી કે થાપણ વધારવાની, ધિરાણ વસુલાતની તથા મુદ્દતવિતિ એન.પી.એ. ઘટાડવાની અને રોજબરોજ ની બેંકીંગ અને ક્ષેત્રિય કામગીરી નિતિ નિયમો અનુસાર (ઈન્ડીપેન્ડન્ટ) સંપૂર્ણ સ્વતંત્ર રીતે આ અજમાયશી(પ્રોબેશન) સમયગાળા દરમ્યાન સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી ફરજીયાત કરતા થઈ જવાનુ રહેશે અને આ પ્રોબેશન સમયગાળા દરમ્યાન તમારી કામગીરીનુ મુલ્યાંકન બેંક કરશે** '' તેવી હકીકત સદર શરતમા પણ સ્પષ્ટ જણાવેલી છે ત્યારે આરોપીને બેંકની કામગીરી જયારે નિમણૂંક હુકમથી સોંપવામા આવેલી તે સમયથી જ નાણાં કીય વ્યવહારો અંગેની કામગીરી સોંપવામા આવેલી છે ત્યારે સામાન્યત: બેંક માં નાણાંકીય જ વ્યવહારો હોય. આમ, સદર હકીકત જોતા કલમ- ૪૦૯ ની વ્યાખ્યા અનુસાર કર્મચારી, એજન્ટ, બેંકર હોવા જોઈ એ અને આવા કર્મચારી, બેંકર, એજન્ટ વિગેરેને વાસ્તવમાં <u>મિલકતની સોંપણી</u> થયેલી હોવી જોઈએ તે હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે.

સદર કામે કેસની હકીકતે ધ્યાને લેતા બનાવના દિવસે બેંકના મેનેજર દામીનીબેન હીરલભાઈ પંડયા તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ કલાક ૦૨:૪૦ થી ૦૪:૧૦ સુધી બહાર ગામ ખાતા ખોલવા માટે ગયેલ અને તેઓએ આઈ.ડી.પાસવર્ડ  સદર કામના આરોપી અનિલભાઈ બારીઆનાઓને આપેલા હતા જે પાસવર્ડથી ઉધાર જમાની કામગીરી થઈ શકે તે માટે આપેલ સદર હકીકતને આંક–૦૯ ના ફરીયાદી દામીનીબેન હીરલભાઈ પંડયાની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૨૬ થી નિલેશભાઈ જયંતીભાઈ શાહની સોગંદ ઉપરની જુબાનીથી સમર્થન મળેલ છે.સદર કામે આરોપીએ બનાવના દિવસે રૂા.૩૦,૦૦૦/–ખાતા નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી ઉપાડી પોતાના ખાતા નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર કરેલ જે હકીકતને સાહેદોની જુબાની તથા તથા આંક–૧૩ થી રજુ શકરીબેનના બેંક સ્ટેટમેન્ટ તથા આંક–૨૩ થી રજુ આરોપીના ખાતાના બેંક સ્ટેટમેન્ટથી સમર્થન મળેલ છે.આમ,આરોપીના ખાતામાં રૂા.૩૦,૦૦૦/– ટ્રાન્સફર થયેલનું નિર્વીવાદ જણાઈઆવે છે.સદર કામે જો અન્ય કોઈએ એન્ટ્રી કરી આરોપીના ખાતામાં નાણા ટ્રાન્સફર કરેલ હોય તો આરોપી સામેથી રજુઆત કરી નાણા  પરત આપીને પોતાની નિર્દોષતા દેખાડી શકયા હોત.સદર આરોપીએ આ અગાઉ પણ આવી પ્રવૃતિ કર્યા અંગેનું રજુ પુરાવાથી જણાઈ આવે છે.આમ મુખ્ય સાહેદોની જુબાનથીઆરોપીના ખાતામાં નાણા ટ્રાન્સફર થયેલ હોવાની અને આરોપીએ ગુનાહિત કૃત્ય કરેલ હોવાની હકીકત જણાઈ આવે છે અને આરોપીનો  તે સંદર્ભમાં ફરીયાદી સાથેનો અણબનાવ અંગેનો બચાવ માની શકાય તેમ નથી તેવુ જણાઈ આવે છે.

સદર હકીકત ને ફરીયાદ પક્ષે તપાસેલા મહત્વના  ફરીયાદી તથા બેંકમા ફરજ બજાવતા અન્ય તમામ સાહેદોએ પણ પોતાના સોગંદ ઉપરના

પુરાવાથી આરોપી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકમા જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તેમજ બનાવ સમયે આરોપી તેમની સદર જુનિયર કલાર્ક તરીકે ની ફરજ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકની જાંબુઘોડા શાખામા બજાવતા હતા તે હકીકત ને સંપૂર્ણ સમર્થન આપેલ છે ત્યારે પણ આઈ.પી.સી કલમ–૪૦૯ ની વ્યાખ્યા અનુસાર ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના કર્મચારી હતા અને બેંકીંગ ને લગતી કાર્યવાહી તેમની ફરજમા આવતી હતી ત્યારે બેંકની મિલ્કતો–નાણાંની કસ્ટડી તેઓ ધરાવતા હોવા સબબના ઈ.પી.કો. કલમ–૪૦૯ ની વ્યાખ્યા મુજબના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો આરોપી વિરુધ્ધ સંપૂર્ણપણે પ્રતિપાદિત થાય છે.

**૧૧).** હવે વધુમાં જોઈએ તો, આરોપી વિરુધ્ધ પોતાની જુનિયર કલાર્ક તરીકેની ફરજ દરમ્યાન ફરીયાદી દામીનીબેન હિરલભાઈ પંડયા કે જેઓ જાંબુઘોડા ખાતે આવેલ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક શાખામા પ્રથમ જુનિયર કલાર્ક તરીકે તથા તા. ૧/૬/૨૦૨૩ થી બ્રાન્ચ મેનેજર તરીકે અને હાલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી અનિલભાઈ બળવંતભાઈ બારીયા ની અડાદરા શાખામાંથી જાંબુઘોડા શાખામા બદલી થતા આરોપી તા. ૧૯–૬–૨૩ નારોજ જુનીયર કલાર્ક તરીકે બેંકની જાંબુઘોડા શાખામા હાજર થયેલ હતા. ફરીયાદી તા. ૧૫ –૦૭–૨૦૨૩ નારોજ ૨–૪૦ થી ૪–૧૦ સુધી બેંક ની કામગીરી માટે બહારગામ ખાતા ખોલવા માટે ગયેલ જે દરમ્યાન પોતાના આઈ.ડી.પાસવર્ડ આરોપી અનિલભાઈ બળવંતભાઈ ને આપેલા અને તે દરમ્યાન આરોપીએ તારીખ : ૧૫–૦૭–૨૦૨૩ ના રોજ શકરીબેન માવસીંગભાઈ ના ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંકના ખાતા નંબર–૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રૂા. ૩૦,૦૦૦/– પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા કોઈ વાઉચર, ચેક કે ઉપાડ પાવતી વગર તથા ખાતાધારકની સંમતિ વગર ટ્રાન્સફર કરી બેંક

તથા ગ્રાહક સાથે વિશ્વાસઘાત કરી હાલનો ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

સદર બાબતે ફરીયાદ પક્ષે ફરીયાદી દામીનીબેન હિરલભાઈ પંડયા ના આંક–૦૯ નો પુરાવો જોતા તેઓ તા. ૧૫–૦૭–૨૩ ના રોજ યાને કે બનાવના દિવસે ૨–૪૦ થી ૪–૧૦ દરમ્યાન બેંકની કામગીરી મા આવતી કાર્યવાહી માટે યાને કે ખાતા ખોલવા માટે બહારગામ ગયા હતા અને તે દરમ્યાન તેમના આઈ.ડી.પાસવર્ડ આરોપી ને આપેલા હોવાની હકીકત જણાવી છે. સદર ફરીયાદીના પુરાવાની હકીકત અન્વયે જોતા ફરીયાદીના પુરાવામાં આંક–૨૦ થી મુવમેન્ટ રજીસ્ટર ની અસલ ઉપરથી ઝેરોક્ષ કરી ખરી નકલ રજુ કરેલ છે તે મુવમેન્ટ રજીસ્ટર જોતા તા. ૧૫–૦૭–૨૩ નારોજ ફરીયાદી દામીનીબેન વસુલાત માટે નવા એકાઉન્ટ ખોલવા માટે બેંકમાંથી ૨–૪૦ કલાકે બહાર ગયેલા હોવાનુ અને કલાક: ૪–૧૦ વાગે પરત ફરેલા હોવાની એન્ટ્રી કરી પોતાની સહી કરેલી હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે.ત્યારે ફરીયાદી પોતાની ફરીયાદમા જે હકીકત જણાવેછે કે તેઓ બહારગામ વસુલાત માટે, એકાઉન્ટ ખોલવા માટે ગયા હતા અને તેઓએ આરોપી અનિલભાઈ ને પોતાના આઈ.ડી.પાસવર્ડ આપેલા હતા તે હકીકત માનવા જોગ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે.

હવે વાત રહી આરોપી દ્વારા શકરીબેન માવસીંગભાઈ ના ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંકના ખાતાનંબર–૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી રુા. ૩૦,૦૦૦/– પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા કોઈ વાઉચર, ચેક કે ઉપાડ પાવતી વગર તથા ખાતાધારકની સંમતિ વગર ટ્રાન્સફર કરવા બાબતની તો તે અન્વયે ફરીયાદી દામીનીબેન ના પુરાવામા આંક–૧૩ થી શકરીબેન માવસીંગભાઈ ના બેંક એકાઉન્ટ ના સ્ટેટમેન્ટ ની નકલ રજુ થયેલી છે તે જોતા શકરીબન નો ખાતા નંબર ફરીયાદમા જણાવ્યા મુજબનો જ હોવાનુ તેમજ શકરીબેન ના ખાતામાંથી તા. ૧૫–૦૭–૨૦૨૩ નારોજ રુા.

૩૦,૦૦૦/– ખાતા નં. ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં ટ્રાન્સફર થયેલ હોવાનુ જણાઈ આવે છે. હવે સદર ખાતા નં. ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ કે જે આરોપી અનિલકુમાર બળવંતભાઈ બારીઆ નુ જ છે તે હકીકત પુરવાર થવી જરુરી બની જાય છે. ત્યારે ફરીયાદી દામીનીબેના પુરાવામા આંક–૨૩ થી આરોપી અનિલભાઈ બળવંત ભાઈ બારીઆનુ પીડીસી બેંક અડાદરા શાખાના બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ ની ખરી નકલ રજુ થયેલી છે તે જોતા તા.૧૫ –૦૭–૨૦૨૩ નારોજ શકરીબેન માવસીંગભાઈ પટેલના ઉપરોકત ખાતા નંબર–૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી આરોપીના ખાતામા રુા. ૩૦,૦૦૦/– ટ્રાન્સફર થઈને આવ્યા હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે ફરીયાદીએ પોતાના પુરાવાથી '' હું ૧૫/૭/૨૩ ના રોજ ૨:૪૦ થી ૪:૧૦ સુધી બહાર ગામ ખાતા ખોલવા માટે ગયેલ જે દરમ્યાન મારા આઈ ડી પાસવર્ડ અનીલભાઈ બારીઆનાઓ ને આપેલ. હુ જે પાસવર્ડ આપેલ તે પાસવર્ડથી બેંકમાં ઉધાર જમાની કામગીરી થઈ શકે તે માટે આપેલ.તે દરમ્યાન તે જ તારીખે ખાતાધારક શકરીબેન માવસીંગભાઈ પટેલના ખાતા નંબર ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી અનીલભાઈ બળવંતભાઈ બારીઆએ ખાતા નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ પોતાના ખાતા નંબરમાં રૂપીયા ૩૦ હજાર ટ્રાન્સફર કરેલ. તા.૧૭/૭/૨૩ ના રોજ રોજ બરોજની કામગીરી ચેક કરતા આવી વાઉચરની ઉધાર કે જમા વાઉચર હતા નહી જેથી મે સાંજે ૬:૩૦ વાગ્યે મે અનીલભાઈ ને ફોન કરી વાત કરેલી કે આ બે ઉધાર જમાના વાઉચર મળતા નથી તો તેઓએ જણાવેલ કે મારા સબંધી શકરીબેન છે જેથી મે ટ્રાન્સફર કરેલા છે તેવુ જણાવેલ.બેંકીંગ રુલ્સ મુજબ ઉધાર જમા ના વાઉચર વગર અને ખાતા ધારકની પરવાનગી વગર થાય નહી.'' તેવી જે હકીકત જણાવી રહયા છે તે જોતા ફરીયાદી ની સદર સોગંદ ઉપરના પુરાવાની સદર હકીકત નહિ માનવા ને કોઈ કારણ નથી ફરીયાદીની

આરોપી પક્ષે કરવામાં આવેલી વિગતવાર ની ઉલટ તપાસથી પણ ફરીયાદી સદર બાબતોથી વિચલીત થયા નથી ત્યારે પણ ફરીયાદીના પુરાવાથી આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુન્હાની હકીકતો સ્પષ્ટ પુરવાર થાય છે.

વધુમાં ફરીયાદ પક્ષે  અન્ય જે સાહેદો તપાસવામા આવેલા છે તે તમામ સાહેદોના પુરાવા કે જે અગાઉ ઉપર જણાવવામા આવેલા છે તે વંચાણે લેતા પણ આરોપી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકમા જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત ને સાહેદોએ સ્પષ્ટ સમર્થન આપેલ છે તથા આરોપી અનિલભાઈ ની સામે આક્ષેપ વાળા બનાવની ફરીયાદ નોંધાયેલ હોવાનુ તેમના જ્ઞાનમા હોવાનુ સાહદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ફરીયાદ પક્ષે તપાસેલા અન્ય સાહેદોના પુરાવાથી પણ આરોપી બેંકના કર્મચારી હતા અને બેંકની મિલ્કતની તેમને સોંપણી કરવામા આવેલી હતી તે હકીકત સ્પષ્ટ થઈ જાય છે. આરોપી સામે દસ્તાવેજી પુરાવાથી પુરવાર થઈ શકે તે પ્રકારનો નાણાં પોતાની ફરજ દરમ્યાન ટ્રાન્સફર કર્યાનો આક્ષેપ છે  ત્યારે અન્ય પુરાવો ગૌણ બની જાય છે જયારે દસ્તાવેજી પુરાવાથી જ રેકર્ડ ઉપર આક્ષેપિત હકીકત સ્પષ્ટ પુરવાર થતી હોય ત્યારે તે નહિ માનવા ને કોઈ કારણ પણ રહેતુ નથી. ત્યારે ફરીયાદ પક્ષે તપાસેલા અન્ય સાહેદોના પુરાવાની વધુ ચર્ચા કરવી પણ જરુરી જણાતુ નથી.

આરોપી પક્ષે ફરીયાદ વિલંબથી આપવામા આવેલી છે તેવો તથા આરોપી અને ફરીયાદી વચ્ચે મનદુ:ખ હતુ જેથી પુર્વગ્રહથી પ્રેરાઈ ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપી હોવાનો તથા  ફરીયાદી સામે પણ આજ પ્રકારના કેસ દાખલ થયેલ છે જેથી સદર નાણાં ફરીયાદી એ જાતે પોતાના ખાતામા ટ્રાન્સફર કરેલા અને આરોપી ઉપર ગુન્હો ખોટી રીતે

દાખલ કરવામા આવેલ હોવાનો બચાવ લેવાનો પ્રયત્ન ઉલટ તપાસ ધ્વારા કરવામાં આવેલ હોવાનુ જણાય છે.

પરંતુ હાલનો ગુન્હો દસ્તાવેજી પુરાવા ઉપર નિર્ભર છે અને જયારે ફરીયાદ પક્ષે આરોપીએ શકરીબેન ના ખાતામાંથી પોતાના ખાતામા કોઈ જાતના વાઉચર વગર નાણાં ટ્રાન્સફર કરેલ હોવાનુ સ્પષ્ટ પુરવાર થયેલ હોય તે સંજોગોમા આરોપી પક્ષનો તેવો બચાવ ગ્રાહય રાખવા પાત્ર જણાતો નથી કે તેવા બચાવ માત્ર થી ફરીયાદ પક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી નથી. વધુમા ફરીયાદીના પુરાવા મુજબ પોતે તા. ૧૭–૭–૨૩ નારોજ રોજબરોજની કામગીરી ચેક કરતા દરમ્યાન શકરીબેનના ખાતામાંથી આરોપીના ખાતામા નાણાં ટ્રાન્સફર થયાનુ વાઉચર નહિ મળતા આરોપી અનિલભાઈ ને ફોન કરતા તેઓએ શકરીબેન પોતાના સબંધી હોઈ પોતાના ખાતામા નાણાં ટ્રાન્સફર કરેલા હોવાનુ ફરીયાદીને જણાવેલ હોવાની હકીકત છે.ત્યારે રજુ થયેલ આંક–૧૦ નો પત્ર જોતા ફરીયાદી ધ્વારા બેંકના લેટર પેડ ઉપર પોતાની સહીથી હેડ ઓફીસ,ગોધરા ના સી.ઈ.ઓ.સાહેબને બનાવની જાણ તા. ૧૮–૦૭–૨૦૨૩ નારોજ કરેલી હોવાનુ સ્પષ્ટ જણાય છે તેમજ હેડ ઓફીસ ગોધરા તરફથી આંક –૧૧ થી રજુ થયેલ પત્ર જોતા ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા તા. ૨૬–૧૦–૨૦૨૩ નારોજ અધિકાર આપેલો હોવાનુ સ્પષ્ટ મળી આવે છે ત્યારે ફરીયાદીએ હાલની ફરીયાદ તા. ૧૩–૧૨–૨૦૨૩ નારોજ પોલીસ સમક્ષ આપેલી હોવાનુ જણાય છે આમ સદર ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા અધિકાર મળ્યા બાદ ફરીયાદ દાખલ કરેલ હોવાનું જણાય છે જેથી આરોપીનો ફરીયાદ મોડી દાખલ કરવા અંગેનો બચાવ માનવો યોગ્ય અને વાજબી જણાતો નથી.વધુમાં ફરીયાદીનો કોઈ મલીન ઈરાદો મોડી ફરીયાદ આપવાનો રહેલો હોય તેવુ મળી આવતુ નથી.તેમજ ફરીયાદીએ

પોતાની સામે પણ કેસ થયેલ હોવાની હકીકત પુરાવાથી જણાવી છે ત્યારે ફરીયાદી કોઈ હકીકત છુપાવી રહયા હોવાનુ પણ મળી આવતુ નથી. વધુમાં આરોપી સામેનો શકરીબેન માવસીંગભાઈના ખાતામાંથી પોતાના ખાતામા નાણાં ટ્રાન્સફર કર્યાનો આક્ષેપ છે તે દસ્તાવેજી પુરાવા ઉપર થી પુરવાર થઈ શકે તે પ્રકારનો છે અને ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી જયારે આરોપી વિરુધ્ધ નો ઈ.પી.કો.કલમ–૪૦૯ મુજબ નો ગુન્હો સ્પષ્ટ પુરવાર થયેલો હોય ત્યારે આરોપી પક્ષે લેવામા આવેલો તેવો બચાવ ગૌણ બની જાય છે.

હવે આરોપી તર્ફે લેવામા આવેલ બચાવની સાપેક્ષમા જોઈએ તો, આરોપીએ શકરીબેન પોતાના સબંધી હોવાથી તેમના ખાતામાંથી પોતાના ખાતામા નાણાં ટ્રાન્સફર કરેલા છે તેવી હકીકત ફરીયાદીને જણાવેલ છે પરંતુ સદર કામે બનાવ સમયે શકરીબેન ગુજરી ગયેલ હતા અને તેમનુ ખાતુ ડીએકટીવ થઈ ગયેલ હતુ જેથી આરોપીનો સદર બચાવ પણ માનવો યોગ્ય જણાતો નથી.વધુમાં ફરીયાદીને હીસાબની મેળવણી કરતા હતા તે દરમ્યાન સદર વ્યવહાર નુ કોઈ વાઉચર નહિ મળતા ફરીયાદી ધ્વારા આરોપી ને ફોન કરતા આરોપીએ શકરીબેન તેમના સબંધી હોવાથી નાણા ટ્રાન્સફર કર્યાની હકીકત જણાવેલી છે જે હકીકત ને ફરીયાદીએ સોગંદ ઉપર સમર્થન આપેલ છે તેમજ તેનાથી વિચલીત પણ થયા નથી.વધુમાં સદર કામનુ રેકર્ડ જોતા આંક–૧૮ થી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકના લેટર ઉપર થયેલ ઠરાવ નં. ૨૨ છે તેની ખરી નકલ ચીફ એકઝીકયુટીવ ઓફીસર ધ્વારા કરવામા આવેલી છે તે ઠરાવ નં.૨૨ ની પ્રમાણિત નકલ છે જેમાં જણાવેલી હકીકતો જોતા '' **આરોપી એ તા. ૧૩–૧૨–૨૦૨૨ થી તા. ૧૫–૦૭–૨૦૨૩ દરમ્યાન બેંન્કના દેવગઢ બારીયા અને કાલોલ શાખાના ખાતેદારોના ખાતામાંથી કોઈપણ જાતના ઉપાડના તેમની ફેવરના ચેકો કે અન્ય કોઈપણ**

**નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વગર તમારા ખાતામા રકમો ટ્રાન્સફર કરી તે રકમો ઉપાડી લઈ ગેરરીતિ આચરેલ હતી તેવી જ રીતે તેઓની બદલી જાંબુઘોડા શાખામા થતા ત્યાં પણ જુની.કલાર્ક (પ્રોબે) તરીકે ઉપર જણાવેલ સમયગાળામા દેવગઢ બારીઆ શાખાના વ્યકિત સભાસદના ખાતામાંથી કોઈપણ ચેક કે વીડ્રોઅલ કે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વગર તમારા બચત ખાતામા બારોબાર રકમો જમા કરી ઉપાડી લઈ ગેરરીતી કરી ઉચાપત કરેલ છે. આમ, તેઓએ કરેલ ગેરશિસ્ત, શિસ્તભંગ અને બેન્કની નોકરીના નિયમો તેમજ બેંકના કર્મચારીઓના સ્ટેન્ડીંગ ઓર્ડરનુ ઉલ્લંઘન કરેલ હતુ જેથી શ્રી અનિલ બી.બારીયાને તા. ૨૪-૦૭-૨૦૨૩ નારોજ ન. ઈએસટી/સ્ટાફ-સસ્પેન્ડ/૬૯/૧૮૯૫ થી તાત્કાલીક અસરથી નોકરીમાંથી સસપેન્ડ( ફરજ મોકુફી) કરેલ છે હાલ બેન્કની ફતેપુરા શાખામા ટ્રાન્સફર કરવામા આવેલ છે તેઓએ બેન્કની અડાદરા અને જાંબુઘોડા શાખામા ફરજ દરમ્યાન બેન્કની દેવગઢ બારીયા અને કાલોલ શાખાના ખાતદારોના રુા. ૯૨૦૦૦/- જેવી માતબર રકમની ઉચાપત કરેલ હતી જે રકમ તથા તેના વ્યાજ સાથે મળી કુલ રુા.૧,૦૦,૦૦૦/- તેઓએ તા. ૨૪-૦૭-૨૦૨૩ નારોજ બેંકમા જમા કરાવેલ છે જેઓની ખાતાકીય તપાસ કરવા માટે તેમજ પોલીસ ફરીયાદ કરી આગળની કાર્યવાહી કરવાની સત્તા બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ને આપવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** '' તેવી હકીકત જણાઈ આવે છે.તેમજ આંક-૧૮ થી રજુ થયેલ ઠરાવ ની હકીકત જોતા પણ આરોપીએ તા. ૨૪-૦૭-૨૦૨૩ નારોજ રુા. ૧,૦૦,૦૦૦/- ની રકમ બેંકમા જમા કરાવેલ છે ત્યારે પણ આરોપીએ હાલની ફરીયાદના આક્ષેપ મુજબનો ગુન્હો આચરેલ હોવાનુ પણ આરોપીનુ સદર ઉચાપત કરેલ નાણાં પોતાના દ્વારા બેંકમા જમા કરાવ્યા સબબ નુ કૃત્ય સ્વયં સિધ્ધ કરે છે. વધુમાં આરોપીએ હાલના ગુન્હા

સિવાય અન્ય ગ્રાહકોના નાણાંની પણ પોતાની ફરજ દરમ્યાન ઉચાપત કરેલ હોવાનુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી જણાઈ આવે છે ત્યારે પણ આરોપી આ પ્રકારના ગુન્હા પોતાની ફરજ દરમ્યાન કરવા ટેવાયેલા હોવાનુ જણાય છે.આમ, આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુન્હો દસ્તાવેજી પુરાવાથી પુરવાર થઈ શકે તેવો પુરાવો હોઈ અને આરોપી વિરુધ્ધ નો સદર ગુન્હો ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર થયેલ ફરીયાદ પક્ષના પુરાવાથી પુરવાર થયેલો હોય ત્યારે અન્ય પુરાવાઓની વધુ વિશેષ ચર્ચા કરવી જરુરી જણાતુ ન હોઈ અત્રે ચર્ચા કરવામાં આવેલી નથી.

**૧૨).** હવે આરોપીએ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ છે કે કેમ તે જોઈએ તો, તે સ્પષ્ટ છે કે, ફરીયાદ પક્ષના ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના પુરાવાની ચર્ચા તથા રજુ દસ્તાવેજી પુરાવાની હકીકતો જોતા આરોપી ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકની જાંબુઘોડા શાખામા બનાવ સમયે જુનીયર કલાર્ક તરીકે ની પોતાની ફરજ બજાવતા હતા હતા દરમ્યાન શકરીબેન માવસીંગભાઈ પટેલના ખાતા નં. ૧૯૫૦૦૦૮૦૦૭૫૦ માંથી આરોપી અનીલભાઈ બળવંતભાઈ બારીઆએ પોતાના ખાતા નંબર ૧૯૫૦૦૧૩૪૬૬૭૯ માં રૂપીયા ૩૦ હજાર ટ્રાન્સફર કરેલ તે હકીકત સ્પષ્ટ રીતે જણાય છે. સદર હકીકત ને રજુ થયેલ શકરીબેનના આંક–૧૩ થી રજુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ તથા આરોપીના આંક–૨૩ થી રજુ બેંક સ્ટેટમેન્ટ ની હકીકતોથી પણ સમર્થન મળી આવે છે તેમજ આંક–૧૮ વાળો દસ્તાવેજી પુરાવો જોતા આરોપીએ તેવી હાલના ગુન્હાના કામની તથા અન્ય ગુન્હાના કામે કરેલી ઉચાપતી રકમ બેંકમા તા. ૨૪–૦૭–૨૦૨૩ ના રોજ જમા કરાવેલી છે ત્યારે પણ આરોપીએ ઉચાપત કરેલી હોવાનુ તથા પોતાની જુનીયર કલાર્કની ફરજ દરમ્યાન આવુ ગેરકાયદેસરનુ કૃત્ય કરી બેંક તથા ગ્રાહક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલો હોવાનુ પણ સ્પષ્ટ માનવાને કારણ રહે છે અને તે સંજોગોમા આરોપી

તર્ફે સાહેદોની ઉલટ તપાસથી જે કથનો કરી બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે તે ટકવા પાત્ર રહેતો નથી અને તેવો બચાવ માન્ય રાખી શકાય તેમ નથી તેવુ જણાય છે.

**૧૩).** આમ, રેકર્ડ ઉપરના ઉપરોકત તમામ મૌખિક પુરાવા તથા રજુ દસ્તાવેજી પુરાવાની હકીકતો જોતા આ કામના આરોપીએ તા. ૧૫– ૦૭–૨૦૨૩ ના કલાક : ૧૪–૪૦ થી ૧૬–૧૦ વાગ્યા દરમ્યાન તેના ઘી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા તેમની જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ની ફરજ દરમ્યાન બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/–(ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારકની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/– ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી હોવાનુ અને તે રીતે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯ મુજબ નો ગુન્હો કરેલ હોવાનુ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**૧૪).** આ હકીકતનાં સંદર્ભમાં **<u>૨૦૧૭ (૧) જી.એલ.આર ૭૩૬</u>** થી પ્રકાશીત **<u>જિલ્લા વિકાસ અધિકારી વિ. ડાહ્યાભાઈ ગોરાભાઈ ખાંટ અને બીજા</u>નાં** કેસનાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે –

10. In order to sustain conviction under Sec. 409 I.P.C., two ingredients are to be proved, namely : (i) the accused, a Public servant or a Banker or Agent was entrusted with the property of which he is duty bound to account for, and (ii) the accused has committed criminal breach of

trust. What amounts to criminal breach of trust is provided under Sec. 405 of I.P.C. The basic requirement to bring home the accusations under Sec. 405 of I.P.C. are the requirements to prove conjointly. (i) entrustment and (ii) whether the accused was actuated by dishonest intention or not, mis-appropriated it or converted it to his own use or to the detriment of the persons who entrusted it. The Section cannot be construed as implying that any head of an office, who is negligent in seeing that the rules about remitting money to the treasury are observed is ipso facto, guilty of the criminal breach of trust, but something more than that is required to bring home the dishonest intention. There should be some indication which justifies a finding that the accused, definitely had the intention of wrongfully keeping the Government out of the money.Discussing the scope of Sec. 409 of I.P.C., the Supreme Court has observed and held as under :-

*"To constitute an offence of criminal breach of trust it is essential that prosecution must prove first of all that the accused was entrusted with some property or with any dominion or power over it. It has to be established further that in respect of the property so entrusted, there was dishonest mis-appropriation or dishonest use or disposal in violation of a direction of law or legal contract, by the accused himself or by someone else which he willingly suffered to do. It follows almost axiomatically from this definition that the ownership of beneficial interest in the property in respect of which criminal breach of trust is alleged to have been committed must be in some person other than the accused and the latter must hold it on account of some person or in some way*

*for his benefit."*

**૧૫).** તેવી જ રીતે <u>રોબર્ટ જોન ડીસોઝા અને બીજાઓ વિ. સ્ટીફન વી. ગોમ્સ અને બીજાઓ</u>નાં કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ નિરીક્ષણ કરેલ છે કે**,**

8. In view of the above facts, apparent on the record, we are of the view that the High Court and the Cours below have committed grave error of law in ignoring the same. Needless to say that to constitute an offence punishable under Section 409 of I.P.C., the essential ingredient is the "entrustment" of the property. The complaint filed by the complainant nowhere discloses that the land in question purchased in the year 1978 was entrusted to the Society for the benefit of others. It is only after entrustment is shown, it can be said that there was Criminal Breach of Trust.

9. In *Ram Narayan Popli v. CBI,* this Court, per majority, has explainted "entrustment" in Para 363 as under

*" 363. The term " entrustment " is not necessarily a term of law. It may have different implications in different contexts. In its most general signification all it imports is the handing over possession for some purpose which may not imply the conferring of any proprietary right at all."*

10. In *State of Gujarat v. Jaswantlal Nathalal* this Court in Para-8 has observed that a mere transaction of sale cannot amount to an entrustment.

11. At this stage we also think it proper to observe that in the present case, even if the allegations made in the complaint are taken to be true, the ingredients of the offence punishable under Section 409 of I.P.C. for which the appellants are summoned, are also not made out. To constitute an offence punishable under Section-409 of I.P.C., apart from entrustment, it is also an essential requirement that it should be shown that the accused has acted in the capacity of a public servant, banker, merchant, factor, broker, attorney or agent. It is nowhere shown in the complaint that the appellants have acted in any of the above capacities.

**૧૬).** ત્યાર બાદ દલીપકૌર અને બીજાઓ વિ. જગ્નાર સિંહ અને બીજાઓ, (૨૦૦૯) ૧૪ સુપ્રિમ કોર્ટ કેસીસ ૬૯૬ નાં કેસમાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે એવુ પ્રસથાપિત કરેલ છે કે,

8. Section 405 and 415 of the Penal Code defining "Criminal Breach of trust" and "Cheating" respectively read as under :

*" 405. Criminal Breach of trust - Whoever, being in*

*any manner entrusted with property, or with any dominion over property, disnonestly misappropriates or converts to his own use that property, or dishonestly uses or disposes of that property in violation of any direction of law prescribing the mode in which such trust is to be discharged, or of any legal contract, express or implied, which he has made touching the discharge of such trust, or wilfully suffers any other person so to do, commits 'criminal breach of trust'.*

*415. Cheating - Whoever, by deceiving any person, fraudulently or dishonestly induces the person so deceived to deliver any property to any person, or to consent that any person shall retain any property, or intentionally induces the person so deceived to do or omit to do anything which he would not do or omit if he were not so deceived, and which act or omission causes or is likely to cause damage or harm to that person in body, mind, reputation or property, is said to 'cheat'.*

An offence of cheating would be constituted when the accused has fraudulent or disnonest intention at the time of making promise or representation. A pure and

simple breach of contract does not constitute an offence of cheating.

9. The ingredients of Section-420 of the Penal Code are ;

(a) Deception of any persons ;

(b) fraudulently or disnohestly inducing any person to deliver any property, or

(c) To consent that any person shall retain any property and finally intentionally inducing that person to do or omit to do anything which he would not do or omit.

10. The High Court, therefore, should have posed a question as to whether any act of inducemnet on the part of the appellant has been raised by the second respondent and whether the appellant had an intention to cheat him from the very inception. If the dispute between the parties was essentially a civil dispurt resulting from a breach of contract on the part of the appellants by non-refunding the amount of advance the same would not constitute an offence of cheating. Similar is the legal position in respect of an offence of Criminal Breach of trust having regard to its definition contained in Section-405 of the Penal Code.

**૧૭).** આમ, ઉપરોકત ચુકાદાઓની હકીકતો જોતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, આઈ.પી.સી. કલમ–૪૦૯ મુજબનો ગુનો પરિપૂર્ણ થવા માટે એક તો મિલ્કતની સોપણી અને બીજુ કે તે મિલ્કતનો ગુનાહીત ઈરાદે પોતાનાં આર્થીક લાભ માટે ઉપયોગમાં લેવાનું કૃત્ય તે બન્ને પુરવાર થવા જોઈએ. હાલનાં કેસમાં અગાઉ તમામ ચર્ચાઓ કરી તે મુજબ આ કામના આરોપીએ તા. ૧૫–૦૭–૨૦૨૩ ના કલાક : ૧૪–૪૦ થી ૧૬ – ૧૦ વાગ્યા દરમ્યાન તેના ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા તેમની જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ની ફરજ દરમ્યાન બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/– (ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારક ની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તેઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસર ની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/– ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થાય છે. આમ, આ કામે કરવામાં આવેલ તમામ ચર્ચાઓ તથા રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાઓનું પૃથ્થકરણ તથા નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા ઓથી પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો માનપૂર્વક વંચાણે લેતા આ કામનાં આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ – ૪૦૯ મુજબનો ગુનો આચરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ હોય જેથી **મુદ્દા નંબર ૧ નો નિર્ણય હકારમાં** ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

આ કામનાં આરોપી અનિલભાઈ બળવંતભાાઈ બારીઆ,રહે.ન્યુ પંચવટી સોસાયટી મકાન નં.૪,આઈ.ટી.આઈ. પાછળ,વાવડી બુઝર્ગ, ગોધરા.તા.ગોધરા,જી.પંચમહાલ.નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ નાં ગુનાનાં કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

ફોજદારી કાર્યરિતી સંહીતા ૧૯૭૩ ની કલમ–૨૪૮(૨) હેઠળ દોષિત વ્યકિતને સજા કરતી વખતે સજા અંગે સાંભળવુ જરુરી હોય જેથી પક્ષકારોને સજા અંગે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

સજા અંગે સાંભળવા પર મુલત્વી.

આ હુકમ આજરોજ તારીખ ૦૧ માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૫/૨૦૨૬
જાંબુઘોડા.

(તન્મય ગિરીશચંદ્ર શુકલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જાંબુઘોડા.
કોડ નં. જીજે–૦૧૧૦૫

## સજા અંગે સાંભળ્યા.

૧૮). આ કામે સજા બાબતે ફરીયાદપક્ષે વિ.મદદનીશ સરકારી વકિલશ્રી રાઠવા ને સાંભળ્યા. ફરીયાદપક્ષે વિ.મદદનીશ સરકાર વકિલશ્રીની રજુઆત છે કે આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સફળતાપૂર્વક પુરવાર કરેલ છે.આ કામે આરોપીએ તેની ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંક જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ફરજ દરમ્યાન પોતાના ધી પંચમહાલ ડીસ્ટ્રકીટ કો.ઓ.બેંક જાંબુઘોડાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/-(ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારક ની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તેઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસરની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/- ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ઉચાપત કરી ગ્રાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી હાલનો ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોતા આરોપીએ આંક-૧૮ ના ઠરાવ મુજબ પોતાની ફરજ દરમ્યાન હાલના ગુન્હાની કરેલી ઉચાપતની રકમ તથા પોતાની બેંકની ફરજ દરમ્યાન કરેલી અન્ય ઉચાપતની રકમ બેંકમા જમા કરાવેલ છે તે હકીકત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાના માધ્યમથી પુરવાર થયેલ છે.આથી આ કામનાં આરોપી ને મહત્તમ અને સખ્ત સજા ફરમાવવા વિનંતી છે.

જયારે આરોપી પક્ષે વિ.વ.શ્રી કે.જી.રાઉલજી દ્વારા રજુઆત કરેલી છે કે, આરોપી સામે હાલનો ગુન્હો સને: ૨૦૨૩ ની સાલમા રજીસ્ટર્ડ થયેલો ગુન્હો છે.હાલ આરોપી ૩૫ વર્ષના છે, આરોપીની વય ઘણી નાની

છે, આરોપી ઉપર પરીવારના ભરણ પોષણની જવાબદારી છે, જો આરોપીને જેલમા મોકલવામાં આવશે તો ભવિષ્ય ખોરાવઈ જશે તેમજ પરીવારજનો રસ્તે રઝડતા થઈ જશે, આરોપીએ બેંકમા નાણાં પરત જમા પણ કરાવી દીધેલ છે, ગુન્હા બદલ આરોપીને ખુબજ પસ્તાવો થયેલ છે જેથી આરોપીની ઉંમર વિગેરે હકીકત ધ્યાને લઈ ઓછામા ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

**૧૯).** આ કામે ફરીયાદપક્ષની રજુઆત ધ્યાને લીધી તથા કેસનું રેકર્ડ ધ્યાને લીધુ. કેસનાં રેકર્ડ તથા પુરાવાની ઉપરોકત ચર્ચા અનુસાર આ કામના આરોપીએ તા. ૧૫–૦૭–૨૦૨૩ ના કલાક : ૧૪–૪૦ થી ૧૬ – ૧૦ વાગ્યા દરમ્યાન તેના ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક ના પોતાના ખાતા નં.૧૯૫૦૦૧૩૪૬૬૭૯ મા તેમની જાંબુઘોડા ખાતેની બેન્કીંગ ની ફરજ દરમ્યાન બેંકની અન્ય શાખાના એકાઉન્ટ હોલ્ડર શકરીબેન માવસીંગભાઈ પટેલના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમા કુલ રુપીયા ૩૦,૦૦૦/– (ત્રીસ હજાર પુરા) કોઈપણ આધાર જેવા કે વાઉચર/ચેક વગર ખાતા ધારક ની જાણ બહાર પોતાના ખાતામા ટ્રાન્સફર કરી તેઓને જાણ કરેલ નહિ અને ગ્રાહકોનુ હિત જાળવવાની કાયદેસર ની ફરજથી બંધાયેલા હોવા છતા ગ્ર ાહક તથા બેંક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરી કુલ રુા. ૩૦,૦૦૦/– ની રકમ પોતાના એકાઉન્ટમા જમા કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થાય છે ત્યારે સ્વાભાવીક રીતે આ મિલ્કત સાથે આચરવામાં આવેલ શ્રેણીનો ગુનો છે. આથી આ પ્રકારનો ગુનો ઓચીંતો કે અચાનક ઉશ્કેરાટમાં આચરવામાં આવે તેવો ગુનો નથી પરંતુ એકદમ સમજી– વિચારી ઠંડા કલેજે બધા સારા–નરસા પાસાઓ અને પરિણામનો વિચાર કરીને ત્યાર બાદ આવો ગુનો આચરવામાં આવતો હોય છે.આરોપી વિરુધ્ધ આ ગુન્હા સિવાય તેમની બેંકની અન્ય શાખાની ફરજ

દરમ્યાન પણ આરોપીએ અન્ય ગ્રાહકોના નાણાં અન્વયે આ પ્રકારનો ગુન્હો આચરેલો છે.

હાલના સમયમાં લોકો પોતાના નાણા તથા કિંમતી વસ્તુ બેંકમાં રાખતા હોય છે કારણ કે લોકોને બેંક ઉપર ભરોસો રહેલો હોય છે પરંતુ બેંકના કર્મચારીઓ ગેરકાયદેસરનું કૃત્ય કરવાથી અને પોતાના અંગત લાભ માટે ગ્રાહકના નાણા પોતાના ખાતામાં જમા કરાવી વાપરી કાઢે તે કોઈપણ રીતે યોગ્ય અને વાજબી જણાતુ નથી આવા કર્મચારીના કૃત્યથી બેંકની શાખ ઉપર અસર થાય છે અને લોકોનો વિશ્વાસપણ ઓછો થાય છે હાલમાં આવા પ્રકારના ગુનાનું પ્રમાણ વધતુ જાય છે જેથી આવા પ્રકારના કેસોમાં આરોપીને હળવી સજા કરવી બિલ્કુલ યોગ્ય અને વાજબી જણાતુ નથી.આવા પ્રકારના ગુનામાં હળવી સજા કરવાથી સમાજ અને લોકોમાં વિપરીત અસર પડે તેવુ જણાય છે જેથી સદર આરોપીને સદર ગુનામાં યોગ્ય અને વાજબી સજા કરવી ઉચિત જણાય છે.

વધુમાં એ હકીકત પણ પ્રસ્થાપિત થઈ ચુકેલ છે કે,નાણાકીય ઉચાપતના ગુનામાં ખાસ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંજન્મટીપ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલ હોઈ,પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈઓનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.આમ છતાં હાલમાં આરોપીની ઉંમર ૩૫ વર્ષની છે તથા તેઓએ ફરીયાદ દાખલ થયા બાદ બેંકમાં રકમ ચુકવી આપેલ છે તેવી વિગત ધ્યાનમાં લેવામાં આવેલ છે.વધુમાં અત્રે આરોપીની સજા નિર્ણીત કરતી વખતે આ અદાલતે તે પણ યાદ રાખવાનું છે કે ફરીયાદી અગર તો ભોગ બનનાર અદાલત સમક્ષ ન્યાયની અપેક્ષા સાથે આવે છે. આથી ન્યાયની અદાલતે બિલકુલ સંવેદન હિનતાથી કે પથ્થરની મૂર્તિની જેમ વર્તવાનું નથી. પરંતુ જે લોકો સાથે અન્યાય થયો છે અથવા જે લોકો ગુનાનો

ભોગ બનેલા છે અને તેવા લોકોની છેલ્લી આશા ન્યાયની અદાલત છે તેમની વ્યથા અને પીડા પણ સમજવાનાં છે. આથી આરોપીને આ અદાલત દવારા થઈ શકતી મહત્તમ સજાની મર્યાદા ધ્યાને લેતા આરોપીને કાયદાથી ફરમાવેલી મહત્તમ સજા કરવા આ અદાલત અધિકૃત ન હોવાથી આરોપીને મહત્તમ નહી પરંતુ આ અદાલત દવારા કરી શકાય તેટલી તથા આ અદાલતને જેટલી સતા રહેલ છે તેટલી મહત્તમ સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનું માનવાનું થતુ હોય જેથી **મુદદા નંબર–૨** અન્વયે ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## –::: આખરી હુકમ :::–

**(૧)** આ કામનાં આરોપી અનિલભાઈ બળવંતભાાઈ બારીઆ,રહે.ન્યુ પંચવટી સોસાયટી મકાન નં.૪,આઈ.ટી.આઈ. પાછળ,વાવડી બુઝર્ગ, ગોધરા.તા.ગોધરા,જી.પંચમહાલ.નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૯ નાં ગુનાનાં કામે ત્રણ વર્ષની સાદી કેદની સજા અને રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ભરવામાં કસુર કરે તો વધુ એક માસની સાદી કેદીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપી જેટલો સમય ન્યાયીક હીરાસતમાં રહેલ હોય તે સમય સજા સામે મજરે આપવાનો રહેશે.

**(૩)** આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) મુજબ આરોપી ને તાત્કાલીક અને વિનામુલ્યે આ ચુકાદાની એક નકલ આપવી.

(૪) ટ્રાયલ દરમ્યાન આરોપી જામીન મુકત હોય આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) મુદ્દામાલનો અપીલ સમય બાદ કાયદામાં જણાવેલ જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૧ માહે : મે સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૫/૨૦૨૬
જાંબુઘોડા.

(તન્મય ગિરીશચંદ્ર શુકલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જાંબુઘોડા.
કોડ નં. જીજે–૦૧૧૦૫